| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૮–૦૬–૨૦૨૧ |
| રજીસ્ટર તારીખ | ૨૮–૦૬–૨૦૨૧ |
| ફેંસલ તારીખ | ૦૪–૦૫–૨૦૨૬ |
| સમયગાળો | **વર્ષ – માસ – દિવસ** |
| | |
| **આંક :–** | |

## ૧૦ માં એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં, મુકામ–સુરત.

## સેશન્સ કેસ નંબરઃ ૬૧૮/૨૦૨૧

**<u>ફોર્મ– “એ"</u>**

| **૧૦ માં અધિક ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં, મુકામ–સુરત.** | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | તા.૦૪/૦૫/૨૦૨૬ |
| **સેશન્સ કેસ નં.** | ૬૧૮/૨૦૨૧ |
| **ગુના રજી. નં.** | સુરત રેલ્વે પોલીસ સ્ટેશન પાર્ટ–એ<br>ગુના રજી. નં. ૧૧૨૧૨૦૫૧૨૧૦૧૫૫/૨૦૨૧ |
| **ફરિયાદી** | **શ્રી સરકાર** |
| **ફરિયાદપક્ષે** | વિ.એ.પી.પી.શ્રી જે. એન. પારડીવાળા |
| **આરોપીઓ** | **સાગર સ/ઓફ અનીલ બાગલે**<br>ઉ.વ.આ. ૨૨, ધંધો– માર્કેટમાં સાડી ફોલ્ડંગનુ,<br>રહે. બિલ્ડીંગ નં.૨, રૂમ નં.૨૯, ત્રીજા માળ ઉપર,<br>ભીમનગર<br>આવાસ, ઉધના, સુરત. |

| | |
|---|---|
| | મુળ વતન– ગામ બામલે, તા.સિંદખેડા, જી. ધુલીયા, મહારાષ્ટ્ર. |
| **બચાવપક્ષે** | આરોપી તરફે વિ.વ.શ્રી જી.એમ. પાટીલ |

**ફોર્મ– “બી"**

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | તા. ૨૨/૦૩/૨૦૨૧, કલાક ૨૧/૦૦ |
| **એફ.આઈ.આર. ની તારીખ** | તા. ૨૮/૦૩/૨૦૨૧ |
| **ચાર્જશીટની તારીખ** | તા. ૨૮/૦૬/૨૦૨૧ |
| **પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ** | તા. ૨૫/૦૩/૨૦૨૨ |
| **પુરાવાની શરૂઆતની તારીખ** | તા. ૨૧/૦૨/૨૦૨૩ |
| **જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ** | તા. ૨૯/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તા. ૦૪/૦૫/૨૦૨૬ |
| **સજાનાં હુકમની તારીખ, જો કોઈ હોય તો** | --- |

**આરોપીની વિગત**

| **આરોપી નો ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડ ની તારીખ** | **જામીન ઉપર છૂટયાની તારીખ** | **ગુનાનો આરોપ મૂકયો છે.** | **નિર્દોષ કે દોષિત** | **સજા લાદવામાં આવી** | **ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ નાં હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત ની અવધિ** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સાગર સ/ઓફ અનીલ બાગલે | ૨૮/૦૩/૨૦૨૧ | કસ્ટડી | ઇ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) , ૩૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકયા | -- | -- |

**ફોર્મ- "સી"**

**-: ફરીયાદી / બચાવપક્ષ / કોર્ટનાં સાક્ષીઓની યાદી :-**

(એ) **ફરીયાદપક્ષ :-**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW-1 | ડૉ. દિપક મહેશકુમાર સીંઘલ | પી.એમ. કરનાર | ૧૦ |
| PW-2 | ગણેશ સુરેશભાઈ પાટીલ | ઈન્કવેસ્ટ પંચનામાનાં પંચ | ૧૪ |
| PW-3 | રાજેન્દ્ર યુવરાજ પાટીલ | ઈન્કવેસ્ટ પંચનામાનાં પંચ | ૧૬ |
| PW-4 | બાપુ દયારામ પાટીલ | ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ | ૧૭ |
| PW-5 | રાજેશભાઈ રામનરેશભાઈ કોળી | ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ | ૨૫ |
| PW-6 | રાજેન્દ્રભાઈ પ્રવિણભાઈ આહીર | મરણજનારની લાશ ઉપરથી લીધેલ વિસેરાનાં પંચનામામનાં પંચ | ૨૬ |
| PW-7 | નરેન્દ્રભાઈ રામભાવુ જોષી | આરોપીના શરીર સ્થિતિનાં /બ્લડ સેમ્પલ કબજે કર્યાનાં પંચનામાનાં પંચ | ૨૯ |
| PW-8 | આનંદ કનૈયાલાલ મોર્ય | આરોપીની શરીર સ્થિતિનાં પંચનામાનાં પંચ | ૩૨ |
| PW-9 | અતુલભાઈ ઠાકોરભાઈ પટેલ | આરોપીનાં અટક પંચનામાનાં પંચ | ૩૩ |
| PW-10 | મુસરફઅલી અબ્દુલરસીદ મન્સુરી | આરોપીનાં અટક પંચનામાનાં પંચ | ૩૫ |
| PW-11 | વિનોદકુમાર ચેગેનારાયણ મિશ્રા | મરણજનારનાં પિતાનાં બ્લડ સેમ્પલ કબજે કર્યાનાં પંચનામાનાં પંચ | ૩૭ |
| PW-12 | જીતેન્દ્ર કૌશલકિશોર રાજપુત | મરણજનારનાં પિતાનાં બ્લડ સેમ્પલ કબજે કર્યાનાં પંચનામામનાં પંચ | ૩૯ |
| PW-13 | જાવેદ ખ્વાજા શેખ | રીકન્ટ્રક્શન પંચનામાનાં પંચ | ૪૦ |
| PW-14 | રાજપાલ ધન્નાલાલ ગૌડ | રીકન્ટ્રક્શન પંચનામાનાં પંચ | ૪૩ |

| | | | |
|---|---|---|---|
| PW–15 | અરમાન યાકુબ મન્સુરી | આરોપીનાં ઘરની ઝડતી પંચનામાનાં પંચ | ૪૪ |
| PW–16 | સાકીરઅલી ઉસ્માનઅલી | આરોપીનાં ઘરની જડતી પંચનામાનાં પંચ | ૪૬ |
| PW–17 | યાસીન યાકુબ પટેલ | સીસીટીવી ફુટેજ કબ્જે કર્યાનાં પંચનામાનાં પંચ | ૪૭ |
| PW–18 | રાજેશ કલ્યાણસિંહ પરમાર | સીસીટીવી ફુટેજ કબ્જે કર્યાનાં પંચનામાનાં પંચ | ૫૦ |
| PW–19 | વૈભવ ડગડુભાઈ મોરે | ફરિયાદી/મરણજનારનાં ભાઈ | ૫૧ |
| PW–20 | ગંભીરસિંહ ધીરુભા સોલંકી | આરોપીને પકડનાર પોલીસ સાહેદ | ૫૬ |
| PW–21 | વિમલકુમાર કાનજીભાઈ રાવલ | એફ.એસ.એલ.અધિકારી | ૬૧ |
| PW–22 | સુર્યનાથ રામનયન મિશ્રા | પી.એસ.ઓ. | ૬૪ |
| PW–23 | રાકેશભાઈ રમેશભાઈ વાઘ | નજરે જોનાર સાહેદ | ૬૭ |
| PW–24 | આકાશભાઈ મોહનભાઈ બાવીસ્કર | નજરે જોનાર સાહેદ | ૬૮ |
| PW–25 | ઉષાબેન ભીમા પવાર | નજરે જોનાર સાહેદ | ૬૯ |
| PW–26 | પલ્લવીબેન સાગર બાગલે | સાહેદ/આરોપીનાં પત્ની | ૭૦ |
| PW–27 | બળવંતભાઈ રણછોડભાઈ ડાંગી | તપાસ કરનાર અમલદાર | ૭૧ |
| PW–28 | કનુભાઈ મહાદેવભાઈ ચૌધરી | તપાસ કરનાર અમલદાર | ૭૩ |

**નોંધ :–** નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા ''ક્રિમીનલ અપીલ નં. ૨૯૭૩/૨૦૨૫'' ''મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહીત) વિ. ગુજરાત રાજય''નાં ''તા.૧૫/૧૨/૨૦૨૫'' નાં ચુકાદામાં આપેલ નિર્દેશ અનુસાર ઉપરોકત ફોર્મ–સી માં દર્શાવેલ સાહેદોની વિગતોમાં પુરાવાનો પ્રકાર પણ દર્શાવેલ છે.

(બી) **<u>બચાવપક્ષ :–</u>**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | કોઈ સાહેદ તપાસેલ નથી. | –––– |

(સી) **<u>અદાલત ધ્વારા :–</u>**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | કોઈ સાહેદ તપાસેલ નથી. | –––– |

**<u>–: ફરીયાદી / બચાવપક્ષ / કોર્ટનાં દસ્તાવેજી આંકની સુચી :–</u>**

(એ) **<u>ફરીયાદપક્ષ :–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત | ક્યા સાહેદના પુરાવામાં રીફર કરવામાં આવેલ છે ? સાહેદ નંબર |
|---|---|---|---|
| ૧ | ૧૧ | પી.એમ. થવા સારુ લખેલ પોલીસ યાદી | P.W. 1 |
| ૨ | ૧૨ | પી.એમ. નોટ | P.W. 1 |
| ૩ | ૧૫ | ઈન્કવેસ્ટ પંચનામું | P.W. 2, 3 |
| ૪ | ૧૮ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | P.W. 4, 5, 28 |
| ૫ | ૧૯ થી ૨૪ | પંચસ્લીપ | P.W. 4, 28 |
| ૬ | ૨૭ | મરણજનારની લાશ ઉપરથી લીધેલા વિસેરાનુ પંચનામું | P.W. 6, 28 |
| ૭ | ૩૦ | આરોપીની શરીરસ્થિતિનુ પંચનામું | P.W. 7, 8 |
| ૮ | ૩૧ | આરોપીના બ્લડ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામું | P.W. 7, 28 |
| ૯ | ૩૪ | આરોપીના અટક પંચનામું | P.W. 9, 10, 28 |
| ૧૦ | ૩૮ | મરણજનારના પિતાના બ્લડ સેમ્પલ કબજે કર્યાના પંચનામું | P.W. 11, 12, 28 |
| ૧૧ | ૪૧ | રીકન્ટ્રક્શન પંચનામું | P.W. 13, 14, 28 |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ૪૨ | પંચસ્લીપ | P.W. 13, 14, 28 |
| ૧૩ | ૪૫ | આરોપીના ઘરની જડતીતપાસના પંચનામું | P.W. 15, 16 |
| ૧૪ | ૪૮ | સીસીટીવી ફુટેજ કબજે કર્યાના પંચનામું | P.W. 17, 18, 27 |
| ૧૫ | ૪૯ | પંચસ્લીપ | P.W. 17, 18, 27 |
| ૧૬ | ૫૨ | ફરિયાદ | P.W. 19, 28 |
| ૧૭ | ૫૭ | આરોપી તથા કા.સં. આવેલ બાળકિશોરને સંભાળી લેવા લખેલ પત્ર | P.W. 20 |
| ૧૮ | ૬૨ | એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ | P.W. 21 |
| ૧૯ | ૬૩ | એફ.એસ.એલ. અધિકારીને ગુનાવાળી જગ્યાએ સ્થળ પરીક્ષણ કરવા સારુ આપેલ પોલીસ યાદીની નકલ | P.W. 21 |
| ૨૦ | ૬૫ | સ્ટે. ડાયરીના ઉતારાની નકલ | P.W. 22 |
| ૨૧ | ૭૪ | આરોપી સાગર બાગલેનો કોલ ડીટેઈલ રિપોર્ટ | P.W. 28 |
| ૨૨ | ૭૫ | રવાનગી નોંધ | P.W. 28 |
| ૨૩ | ૭૬ | એફ.એસ.એલ. પહોંચ | P.W. 28 |
| ૨૪ | ૭૭ | પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાની નકલ | P.W. 28 |
| ૨૫ | ૭૮ | રવાનગી નોંધ | P.W. 28 |
| ૨૬ | ૭૯ | એફ.એસ.એલ. પહોંચ | P.W. 28 |
| ૨૭ | ૮૦ | એફ.એસ.એલ. નો પેનડ્રાઈવ અંગેનો રિપોર્ટ | P.W. 28 |
| ૨૮ | ૮૧ | આરોપી સાગર બાગલેનો એરેસ્ટમેમો | P.W. 28 |
| ૨૯ | ૮૨ | આરોપી સાગર બાગલેને અટક કર્યા અંગેનો લખેલ પત્ર | P.W. 28 |
| ૩૦ | ૮૩ | ભારે ગુનાના કામે સ્પેશ્યલ રિપોર્ટ | P.W. 28 |

**નોંધ :–** નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા ''ક્રિમીનલ અપીલ નં. ૨૯૭૩/૨૦૨૫'' ''મનોજભાઇ જેઠાભાઇ પરમાર (રોહીત) વિ. ગુજરાત રાજય''નાં ''તા.૧૫/૧૨/૨૦૨૫'' નાં ચુકાદામાં આપેલ નિર્દેશ અનુસાર ઉપરોકત ફોર્મ–સી માં દર્શાવેલ દસ્તાવેજોની વિગતોમાં કયા સાહેદનાં પુરાવામાં દસ્તાવેજ રીફર કરવામાં આવેલ છે તે પણ દર્શાવેલ છે.

(બી) **બચાવપક્ષ ધ્વારા કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.**

(સી) **અદાલત ધ્વારા બીજા કોઇ દસ્તાવેજી પુરાવા નોંધવામાં આવેલ નથી.**

(ડી) **અદાલત ધ્વારા કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી.**

**નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા ''ક્રિમીનલ અપીલ નં.૨૯૭૩/ ૨૦૨૫'' ''મનોજભાઇ જેઠાભાઇ પરમાર (રોહીત) વિ. ગુજરાત રાજય''નાં ''તા.૧૫/૧૨/૨૦૨૫'' નાં ચુકાદામાં આપેલ નિર્દેશ અનુસાર મુદ્દામાલની વિગતો મુદ્દામાલ પાવતી અનુસાર નીચે મુજબ છે.**

| **અ.નં.** | **મુદ્દામાલનો પ્રકાર** | **કયા સાહેદનાં પુરાવામાં રીફર કરવામાં આવેલ છે? સાહેદ નંબર** |
|---|---|---|
| **૧** | એક સફેદ સીલબંધ સફેદ કાપડની થેલીમાં એક સિમેન્ટ રેતીવાળો પત્થર જેના ઉપર કાળી મેસના ડાઘાવાળો છે તે જેને માર્ક–એ આપેલ છે. | P.W. 1, 4, 5, 28 |
| **૨** | એક સીલ સીલબંધ સફેદ કાપડની થેલીમાં એક અર્ધ બળેલ કાપડનો ટૂકડો છે તે જેને માર્ક–એ–૧ આપેલ છે. | P.W. 4, 5, 28 |
| **૩** | એક સીલબંધ સફેદ કાપથની થેલીમાં એક અર્ધ બળેલ કાપડનો ટૂકડો જેના ઉપર કાળી મેસ લાગેલ છે તે જેન માર્ક–એ–૨ આપેલ છે. | P.W. 4, 5, 28 |
| **૪** | એક સીલબંધ સફેદ કપાડની થેલીમાં ત્રણ સિમેન્ટના ટૂકડા જેના ઉપર લોહી જેવા રતાશ પડતા ડાઘા છે તે જેને માર્ક–એ–૩ આપેલ છે. | P.W. 4, 5, 28 |
| **૫** | એક સીલબંધ સફેદ કાપથની થેલીમાં એક પથ્થર જેના ઉપર રતાશ પડતા ડાઘા છે તે જેને માર્ક–એ–૪ આપેલ છે. | P.W. 4, 5, 28 |

| | | |
|---|---|---|
| ૬ | એક સીલબંધ સફેદ કાપથની થેલીમાં એક પેપર ડીશ રતાશ પડતા લોહી જેવા ડાઘાઓવાળી છે જેને માર્ક–એ–પ આપેલ છે. | P.W. 4, 5, 28 |
| ૭ | એક સીલબંધ પારદર્શક કાચની બરણી જેમાં મરનારની લાશ ઉપરથી લીધેલ નમૂના ભરેલ છે તે જેને માર્ક–બી આપેલ છે. | P.W. 6 |
| ૮ | એક સીલબંધ કસનળી જેમાં મરનારના દાંત છે તે જેને માર્ક–આઈ આપેલ છે. | P.W. 6 |
| ૯ | એક સીલબંધ કાગળ કાપડનુ પેકેટ જેમા મરનારની લાશ ઉપરથી મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ બરેલા કપડા. | P.W. 6 |
| ૧૦ | ચાર ખાખીના સીલબંધ કવરો મેડીકલ ઓફીસરશ્રીએ આપેલ છે તે જેને માર્ક–બી–૩ તથા બી–૪ આપેલ છે. | P.W. 6 |
| ૧૧ | બે સીલબંધ કસનળી જેમા આરોપી સાગર અનીલ બાગલેના બ્લડ સેમ્પલ લીધેલ છે તે જેને માર્ક–સી આપેલ છે. | P.W. 7 |
| ૧૨ | એક ખાખી કાગળનુ સીલબંધ કવર જેના ઉપર આરોપી સાગર અનીલ બાગલે તથા એમ.એલ.સી. નં.૫૦૯૬/૨૧, તા.૨૯/૦૩/૨૦૨૧ | -- |
| ૧૩ | બે સીલબંધ કસનળી જેમાં કા.સ.બા. સંતોષ ઉર્ફે સોનુ રમેશભાઈ ગવાણેના બ્લડ સેમ્પલ જેને માર્ક–બી આપેલ છે. | -- |
| ૧૪ | એક ખાખી કાગળનુ કવર સીલબંધ હાલતમાં જેના ઉપર કા.સ.બા. સંતોષ ઉર્ફે સોનુ ગવાણેના એમ.એલ.સી. નં.૫૦૯૭/ ૨૦૨૧, તા.૨૯/૦૩/૨૦૨૧ | -- |
| ૧૫ | એક સીલબંધ કસનળી જેમા મરનારના પિતાજી દગડુભાઈ રાજારામ મોરેના એન.ડી.એ. બ્લડ સેમ્પલ છે તે જેને માર્ક–બી–૫ આપેલ છે. | P.W. 11, 12 |
| ૧૬ | એક ખાખી કાગળનુ સીલબંધ કવર જેના ઉપર દગડુભાઈ રાજારામ મોરે તથા એમ.એલ.સી. | -- |

| | | |
|---|---|---|
| | નં.૫૧૩૯/૨૦૨૧, તા.૨૮/૦૩/૨૦૨૧ | |
| **૧૭** | એક કાસા કલરની હોન્ડા ડી.ઓ. મોપેડ સ્કૂટર જેનો આર.ટી.ઓ. રજી નં.જીજે–૫–એસડી–૪૭૭૫ તથા એન્જીન નં.JF39EU2252368 ચેસીસ નં. ME4JF39DCJUI | -- |
| **૧૮** | એક સીલબંધ સફેદ કાપડનુ પેકેટ જેમાં ત્રણ સિમેન્ટ કોંક્રિટના પથ્થરના ટૂકડા રતાશ પડતા લોહી જોવા ડાઘાઓ વાળા છે તે જેને માર્ક–એ–૬ આપેલ છે. | P.W. 13, 14, 28 |
| **૧૯** | એક લાલ કાળા કલરની સેનડીસ્ક કંપનીની પેનડ્રાઈવ | P.W. 17, 18, 27 |

===============

**॥ ચુકાદો ॥**

===============

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર સાથે મળીને તા.૨૨/૦૩/૨૦૨૧ નાં કલાક ૨૧–૦૦ વાગ્યાનાં સુમારે ઉધના રેલ્વે સ્ટેશનની દક્ષિણે આવેલ ભીમનગર આવાસની પુર્વે રેલ્વે હદમાં મરનારને મોપેડ ઉપર બેસાડી આયોજન પુર્વક ગુનાવાળી જગ્યાએ લઈ જઈ મરનાર અજયનું આરોપી સાગર બાગલેની પત્ની નામે પલ્વી સાથે અફેર ચાલતુ હોવાની અદાવત રાખી આરોપીએ તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશેરનાએ મરનારને પથ્થર વડે ઈજાઓ કરી તથા ચપ્પુના ઘા મારી મરનારનું મોત નિપજાવી લાશને સળગાવીને પુરાવાનો નાશ કરવાનાં હેતુથી ખાલી ઝુપડામાં દાટી દઈ પકડાઈ ગયેલ જે **સુરત રેલ્વે પોલીસ સ્ટેશન પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૨૧૨૦૫૧૨૧૦૧૫૫/૨૦૨૧ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫** મુજબનાં ગુનાની ફરિયાદ નોંધવામાં આવેલ.

(૨) સદર કામે તપાસ કરનાર અધિકારશ્રી ધ્વારા લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લઈ અને જરૂરી તપાસમાં પંચનામાઓ કરી અને મેડીકલ પુરાવા અને વૈજ્ઞાનિક પુરાવા એકત્રીત કરી, **ક્રિ. પ્રો. કોડની કલમ–૧૭૩(૨) અન્વયે** તપાસનાં અંતે આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા મળી આવતા વિધ્વાન જ્યુડી. મેજી. ફ. ક.(મ્યુનીસપલ) કોર્ટ, સુરતમાં ઇ.પી.કો.કલમ– ૩૦૨, ૨૦૧, ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનાં ગુનાનું **ચાર્જશીટ** કરવામાં આવેલ, જે ફોજદારી કેસ નંબર –૩૫૩૭/૨૦૨૧ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૩) સદર ચાર્જશીટ વિધ્વાન જ્યુડી. મેજી. ફ. ક.(મ્યુનીસીપલ) કોર્ટ, સુરતમાં રજુ થતા, સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે હકુમત સેશન્સ કોર્ટને હોય, ક્રિ. પ્રો. કોડની **કલમ–૨૦૭** ની જોગવાઈઓનું પાલન કરી, ક્રિ. પ્રો. કોડની **કલમ–૨૦૯** હેઠળ કમિટલ હુકમ કરી, જીલ્લા અને સત્ર અદાલત, સુરતમાં **કમિટ** કરી મોકલી આપતા, સદર કેસને **સેશન્સ કેસ નં. ૬૧૮/૨૦૨૧** થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ સદર કેસની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની એડી. સેશન્સ કોર્ટમાં તબદીલ થઇ આવેલ છે.

(૪) સદર કામનાં આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય હાજર થતા બંને પક્ષકારોને સાંભળી, વિ. ૭માં એડી. સેશન્સ જજશ્રીએ **ક્રિ. પ્રો. કોડની કલમ–૨૨૮ અન્વયે** ઇ.પી.કો.કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનાં ગુના અંગેનું **તહોમતનામુ** આ કામનાં આરોપી વિરુધ્ધ **આંક–૦૫** થી ફરમાવવામાં આવેલ અને આરોપીઓની **પ્લી આંક–૬ ની** રેકર્ડ કરવામાં આવેલ અને આરોપીએ ગુનાનો ઇન્કાર કર્યા બાદ અને સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા, સદર કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને

ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષ ધ્વારા ઉપરોકત **ફોર્મ–સી** ની વિગતે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ **આંક–૮૫** થી વિ. એ.પી.પી.શ્રી દ્વારા ફરીયાદપક્ષે વધુ કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા નથી તેવુ જાહેર કરતી **કલોઝીંગ પુરસીસ** રજુ કરેલ હોય, ફરીયાદપક્ષનાં પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ.

(૬) સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીઓનું **ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩** હેઠળ **વિશેષ નિવેદન** નોંધવામાં આવેલ છે. જે વંચાણે લેતા આરોપીઓએ ફરીયાદપક્ષનાં પુરાવાનો મહદ્અંશે ઇન્કાર કરેલ છે. વધુમાં આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવનાં સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે. આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ આરોપી નિર્દોષ છીએ, કહેવાત કોઈ ગુનો અમોએ કરેલ નથી, પોલીસે તેમને ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

➢ **<u>ફરીયાદપક્ષની દલીલોઃ–</u>**

(૭) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે. એન. પારડીવાળાએ મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપીઓ વિરૂદ્ધ ઇ.પી.કો.કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી), ૩૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ હેઠળનાં ગુનાનું તહોમતનામું ફરમાવેલ છે, જે તહોમતનામું પુરવાર કરવા ફરીયાદ પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપીએ કાયદાનાં સઘર્ષમાં આવેલ કિશોર સાથે મળી ગુનાહિત કાવતરૂ રચી અદાવત રાખી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે મરણજનારને ચપ્પુનાં ઘા મારી તથા કાયદનાં સંઘર્ષમાં આવેલ કિશોરે પથ્થર વડે ઈજાઓ કરી તથા ચપ્પુનાં ઘા મારી મરણજનારનું મોત નિપજાવેલ છે તેમજ મરણજનારની લાશ સળગાવીને પુરાવાનો

નાશ કરવાના હેતુથી ઝુપડામાં દાટી દીધેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે રજુ પુરાવાઓથી પુરવાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ ગુનો પુરવાર કરવા માટે તમામ પુરાવાઓ રજુ કરેલ છે અને આરોપી વિરૂદ્ધ ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ છે, આરોપીને તકસીરવાન ઠરાવી સખત સજા કરવા વિનંતી કરેલ છે.

➢ **<u>બચાવપક્ષની દલીલોઃ–</u>**

(૮) બચાવપક્ષ તરફે આરોપીનાં વિ.વ.શ્રી જી.એમ. પાટીલ દ્વારા આંક–૮૮ થી લેખિત દલીલ રજૂ કરવામાં આવેલ છે જેમા મુખ્યત્વે જણાવેલ છે કે, સદર કામમાં ફરીયાદપક્ષે તપાસેલ કોઇપણ સાહેદોએ સમર્થન કરેલ નથી. વધુમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષે તપાસેલ પંચોને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદપક્ષે જે સાહેદોને તપાસવામાં આવેલા છે તે સાહેદો મરણજનારનાં નજીકનાં સગા સંબંધીઓ છે પરંતુ, તેઓ કોઇએ બનાવ નજરે જોયેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારા નજેર જોનાર સાહેદોને તપાસવામાં આવેલ છે જેઓ પણ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ કામમાં બનાવ નજરે જોનાર એકપણ સાહેદ ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થન કરતા નથી. આરોપીને તકસીરવાર ઠરાવવા માટે ફરીયાદપક્ષે તમામ કડીઓ નિઃશંકપણે પુરવાર કરવી જરૂરી છે. વધુમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારા આરોપીને ગુના સાથે સાંકળતી કોઇ કડીઓ નિઃશંકપણે પુરવાર કરેલ નથી તેમજ ફરીયાદપક્ષનાં પુરાવામાં ઘણી વિસંગતતાઓ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપીની ગુનામાં કોઇપણ પ્રકારની સંડોવણી નથી. આ કામનાં આરોપીની તપાસ દરમ્યાન કોઈ ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી. જેથી, આરોપીને ગુના સાથે સાંકળવા માટે કોઈ સચોટ પુરાવો રજુ થયેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપી અને મરણજનારને છેલ્લે એક સાથે જોવામાં આવેલ હોવા અંગે સીસીટીવી ફુટેજ રજૂ કરવામાં આવેલ છે પરંતુ સીસીટીવી ફુટેજ પણ શંકાસ્પદ છે અને કાયદાની જોગવાઈ મુજબ પુરવાર કરી શકેલ નથી. ફરીયાદપક્ષનો સમગ્ર કેસ શંકાસ્પદ છે, શંકાનો લાભ આરોપીને આપવા વિનંતી કરેલ છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૯) સદર કામે આખરી નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

| અ.નં. | મુદ્દા | નિર્ણયો |
|---|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં મરણજનાર અજયનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ છે? | **હકારમાં** |
| ૨ | શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ગુનાહિત કાવતરૂ રચી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાનાં હેતુથી મરણજનારનું ઈરાદપૂર્વક ખૂન કરી ઇ.પી.કો. કલમ–૩૦૨, ૧૨૦(બી), ૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? | **નકારમાં** |
| 3 | શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ પૂરવાનો નાશ કરવાનાં ઈરાદાથી મરણજનારની લાશને સળગાવી તેને દાટી દઈ પુરાવાનો નાશ કરી ઇ.પી.કો. કલમ–૨૦૧, ૧૨૦(બી), ૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? | **નકારમાં** |

| | | |
|---|---|---|
| ૪ | શું આખરી હુકમ? | **આખરી હુકમ મુજબ** |

## <u>: નિર્ણયનાં કારણો :-</u>

## <u>-: ફરીયાદપક્ષનાં પુરાવાઓનું વર્ણન :-</u>

(૧૦) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક-૧૦ થી સાહેદ નં.૧ ડો. દિપક મહેશકુમાર સીંઘલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ તેઓની ફરજ પર તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ હતા ત્યારે સુરત રેલવે પોસ્ટે તરફથી મરણ જનાર અજયભાઈ ડગલુભાઈ મોરે નો શબ પી.એમ પરીક્ષણ અર્થે પો.કો. રવિન્દ્ર ભાઈ લક્ષ્મણભાઈ , બ.નં.૧૮૨ અસલ યાદી સાથે શબને લઈ ને આવ્યા હતા. આ શબનો પી.એમ પરીક્ષણ તેઓએ તથા તેઓના પેનલ ડોક્ટર શ્રી મોહમદ ઈલ્યાશ શેખ સાથે પી.એમ નં. ૫૫૩/૨૦૨૧ , તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ બપોરના ૦૨.૨૦ વાગ્યે શરુ કરીને બપોરના ૩.૩૦ વાગ્યે પુર્ણ કરેલ હતુ. જે અસલ યાદી લાવેલ જે યાદીને આંક-૧૧ થી નામ. કોર્ટમાં રજૂ કરેલ. શબને જોતા નિમ્ન મુજબની ઈજાઓ જોવા મળેલ હતી.(૧.) આ શબની લંબાઈ ઉપલબ્ધ ગલાલી હાડકા ક્લેવીકલ થી ૧૭૭.૬ સેમી અને વજન ૩૧. કિ.ગ્રા જાતિ પુરષ, ઉ.વ. ૨૯ હતી. આ શબના માંથાના સ્નાયુ કમરની પાછળની ચામડી અને બીજા શરીરના અંગો હાડકાના ટુકડાઓ સાથે છાતીના હાડકાઓ સાથે અને માંથાના સ્નાયુ સાથે થોડા વાળો હતો. શબનો નીચેનો જબડો હાજર ન હતો. (૨.) આ શબની સાથે (૧) સફેદ પ્લાસ્ટિક ઝુટના ડાઝેલા ટુકડા (૨) લાલ અને સફેદ રંગના દાઝેલા ટુકાડા (૩) વ્હાઈટ પેન્ટના દાઝેલા ટુકડા બેલ્ટ સાથે અને પાછળની બંને ઉપલ્બધ હતી. (૪) દાઝેલા ટુકડા હતા અને અસ્થિ પર VANHEUSE નો માર્કો હતો. (૫) લોહાના રીગમા ત્રણ ધાતુની ચાવીઓ હતી. (૬) ડાબા કાનમા કાળા ધાતુનો સ્પર્મ હતો (૭)

માથાના વાળ એમના છેડા દાઝેલા હતા. (૩) આ શબને જોતા શબ દાઝેલા હતા અને અને સડવાની પ્રકિયા ચાલુ થઈ ગયેલ હતી. રાઈગરમ્રોટેસ નીકળી ગઈ હતી. પી.એમ લીવીડીટી શરીર દાંઝી ગયા હોવાથી જોવા મળેલ ન હતી. આ શબ સડવાની પ્રકિયાની અંદર હતુ અને શબના અંગો અને અવયવો નરમ અને પ્રવાહી બની ગયા હતા. બંને આંખો સડી ગઈ હતી, મોઢુના હોથ અને જીભ હાજર ન હતા. શરીરના કોઈપણ રાઈક્રિટિક છીદ્રમાંથી કોઈ પણ જાતની પ્રવાહી શરીરના કેવલ હાડકાઓ અને બહુ ઓછા ઈસ્યુ ઉપલબ્ધ હોવાથી જોવા મળેલ ન હતી. શબ નો પુરષ ગુપ્ત ભાગ હાજર ન હતો અને લેટરિના ની ક્રિયા સડની પ્રકિયા ન હતી. શબને જોતા નીમ્ન મુજબની બાહ્ય ઈજાઓ જોવા મળેલ. એક ભોકાચેલો ધા છાતીના સામેના બાજુની ડાબી બાજુપર ૧*૦.૫ સેમી નો છાતીની પોલાણની ઉડાણ સુધીનો ત્રાંસો, શરીરના મધ્યરેખા ૧ સેમી ડાબા અને મેલ્ચુમેલમ અન્ સ્ટર્મન બોડીના જોઈન્ટથી ૬ સેમી નીચે હતો. માર્જીન લાલ હતા અને ઉપર જમેલુ લોહી હતુ. આ ઘા બંને એંગલ ડીગબંલ હતા અને બાહ્ય એગલ ની સરખામણીમામા એક્યુટલ હતા. આ ઈજા મુત્યુ પહેલાની હતી. બોડી સાથે નીમ્ન મુજબના શરીરના નિમ્ન હાડકાઓ ઉપલબ્ધ હતા. (૧) ૨૮ સેમી લંબાઈના ડાબા પગ જેમા ધુંટણ ફીમર હાડકાના નીચેના ભાગ પગનો અંદરનો ભાગ, (૨) ૨૮ સેમી લંબાઈનો જમણા પગ જો કે ધુટણની નીચે ન હતો, (૩) ૨૯ સેમી લંબાઈનો ડાબો હાથ હ્યુમરસ હાડકાના ઉપરના ભાગથી હતો, (૪) જમણો હાથ ૧૮ સેમી લંબાઈનો (૫) ૧૭ સેમી લાંબો ડાબો હાથ નો ભાગ, (૬) જમણો પેર ૨૩ સેમી લાંબો એડીની સાંધાથી, (૭) ૨૮ સેમી લંબાઈની જમણી ફીમર હાડકા, (૮) ૩૨ સેમી લંબાઈના ડાબી ફીમરના હાડકા, (૯) ડાબા આગળના હાથનો ૨૮ સેમી લંબાઈનો હતો. આ બધા શરીરના અંગોમા હાડકા બહાર દેખાતા હતા અને દાઝી ગયેલ હતા. ૨. શરીરની હાથની અને પગની આંગળીઓ

અપસેટ હતી. આ બધા દાઝેલા ધા મુત્યુ પછીના હતા, સ્પર્શથી અનુસંગીચે જમણી સાઈડનો માંથાના ટેમ્પોરોલો ભાગમા ડીપ્રેશ દબાયેલો હતો. આ બધી ઉપરોક્ત ઈજાઓ ઈજા નં. ૧ ને છોડીને મુત્યુ પછીની હતી. શબનો આંતરિક પરીક્ષણ કરતા નીમ્ન મુજબીન આંતરિક ઈજાઓ જોવા મળેલ. (૧) માંથાના જમણી સાઈડનો ટેમ્પોરેલો ભાગપર ૭*૫ સેમી નો આડો દબાયેલો ફેક્ચર હતો જેનુ માર્જીન લાલ અને આકાર અંડાકાર હતુ. (૨)મગજ સડન ની પ્રકિયાને અંતગત લીક્યુફાઈડ થઈ ગયા હતા. ઈજા નં.૧ ને આંનસગીચ જમણા ટેમ્પોરીચલ ભાગ પર શબ ડુચરલ ભાગનુ હીમોરેજ હતુ. (૩) મોઢામા જીભ હાજર ન હતી, ઉપરના જબડામા ડાબી બાજુએ સાત દાંત હાજર હતા અને વચ્ચેના એક ઈનસાઈજર દાંત હાજર ન હતો. આ જબડામા જમણી બાજુ છ દાંત ઉપલ્બધ હતા અને વચ્ચેના બે ઈનસાઈઝર દાંત હાજર ન હતા. છાતીની સડણની પ્રકિયા અંતગર્ત દાઝેલી અને કૈવલ છાતીના મધ્યનો સ્નાયુ ઉપલબ્ધ હતો. બાહ્ય ઈજા નં.૧ ને આંનુસગીચે ચપ્પુના ધા છઠ્ઠાનંબરના પાંસળીઓની જગ્યા પર ૩.૫ સેમી ત્રાંસો પોલાણની ઉડાણનો અને મધ્યરેખાથી બે સેમી ડાબે હતો અને માર્જીન રેડ અને ક્લિન કર્ટ હતા. બંને ફેફસા અને હાર્દ સડી જવાથી અને દાંઝી જવાથી હાજર ન હતા. પેટનો ભાગ અને પેટના અંગો સડી અને દાઝી ગચેલ અને  હોજરીને જોતા આંતરડીઓના કેવલ થોડા ટુકડા હાજર હતા. આ શબ પરથી અમોએ નિમ્ન સેમ્પલ એફ.એસ.એલ મા મોકલવા માટે લીધા હતા. (૧) બોટલ ન.૧ મા મગજનો સેમ્પલ, આંતરડીઓના ટુકડા ,પેટ પરથી હાજર સ્નાયુ, (૨) માંથાના વાળ અને તેના દાઝેલા ભાગ, (૩) કાપડના ટુકડા અને સફેદ દાઝેલો પ્લાસ્ટિકનો ભાગ, (૪) ૪.  ડી.એન.એ માટે, (૫) ચાવીઓ અને કાનનો ડ્રોપ્સ. ઉપરોક્ત સેમ્પલ શીલબંધ હાલતમા પો.કો. રવિન્દ્ર દુલેરા, સુરત રેલવે પોલીસનાઓને સુપરત કરેલા. તેઓના મુજબ મુત્યુ અંગેનો અભિપ્રાય નિમ્ન મુજબ છે. (૧) બાહ્ય ઈજા નં.૧

માંથા પર અને માંથાના હાડકાની ફ્રેકચર અને છાતીમા ચપ્પુનો ભોકાયેલો ધા મુત્યુ પહેલાનો હતો. (૨) મુત્યુનો સમય પી.એમ શરુ કર્યાથી એક અઠવાડીયા પહેલાનો હતો. (૩) ઉપલબ્ધ સ્નાયુઓ અને દેખાતી ઈજાઓના આધારે મુત્યુનુ કારણ માંથાની ઈજા અને છાતી પર ચપ્પુના ધા ને લીધે હીમોરેલ થઈ જવાથી આધાતને લીધે થયેલ હતુ છતાં પણ અમોએ વિસેરા સંરક્ષિત કરી ને એફ.એસ.એલમા કેમીકલએનાલાઈજીસ અંગે મોકલેલ હતી. આ પી.એમ નોટ તેઓના હસ્તાક્ષરમા છે અને બંને પેનલ ડોક્ટર ની સહી છે જે પી.એમ નોટ નિ.૪/૮ થી રજુ છે જેમા તેઓની અને તેઓની સાથેના પેનલ ડોક્ટરની સહી છે જે ઓળખી બતાવી જે અસલ પી.એમ નોટ આંક–૧૨ થી રજૂ કરેલ. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં.૧ શીલબંધ હાલતમા છે તે નામ. કોર્ટની પરવાનીગીથી ખોલતા તેમાથી સીમેન્ટવાળો પત્થર નીકળેલ છે તેનાથી માથામા થયેલ આંતરિક ઈજા થઈ શકે છે. આ ઉપરોક્ત ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમા મુત્યુ નીપજાવવા પુરતી હતી.

સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પી.એમ કર્યુ ત્યારે લાશ સાત દિવસ જુની હતી અને તે બળી ગયેલ હતી અને ડીકંપોઝની પ્રકિયા ચાલુ હતી, પી.એમ વખતે શરીરના મોટાભાગના આંતરિક અવયવો સડી ગયેલ સ્થિતિમા હતા, છાતીના સ્નાયુઓ છાતીના મધ્યભાગથી છોડીને ગળી ગયેલ હતા. તેઓને આંક–૧૨ ની પી.એમ નોટ બતાવતા તેમા કોલમ નં.૨૦ મા લખેલ છે કે " કેવલ સ્ટર્નરભાગના ઉપરના ભાગના સ્નાયુઓ ઉપલ્બધહતા". તેઓ સ્વીકારે છે કે શબ ડ્યુરલ હેમરેજની વોલ્યુમ તેઓએ તેઓની પી.એમ નોટમા લખાવેલ નથી, માંથામા સખત બોથડ પદાર્થથી ઈજા કરવી ફ્રેક્ચર કરવુ અને છાતીમા તીક્ષ્ણ હથિયારથી ભોકાયેલી ઈજા કરવી તે બંને જુદા જુદા કૃત્ય છે, આ બંને માંથી કોઈ એક ઈજા મુત્યુનુ કારણ હોઈ શકે, હાલના કેસમા આ બંને ઈજાઓમાથી કઈ

ઈજા મુત્યુનુ કારણ હતુ તે કહી શકાય નહી. કોઈપણ ઈજા એન્ટીમોઝમ અને પોસ્ટમોર્ટન છે તે શરીરની સ્થિતિ છે તે આખી જોવામા આવે છે કે કેમ તે પ્રશ્નમા જણાવે છે કે આખી નહી પણ જે ઈજા છે તે જ જોઈએ છીએ. તેઓ સ્વીકારે છે કે લાશ ને સળગાવી નાંખાવમા આવેલ હતી તે બર્નીગની ઈજા મુત્યુપછીની હતી તે નિષ્કર્શ પર કઈ રીતે પહોચ્યો તેના કારણ મે પોસ્ટ મોર્ટન નોટમા જણાવ્યા નથી, તેઓએ પોસ્ટ મોર્ટન બાદ કોઈ ફાઈનલ કોઝ ઓફ ડેથ રજુ કરેલ નથી. વિશેરાનુ કેમીકલ એનાલીસીસ આપે જાતે કરી નથી તે પ્રશ્નમા જણાવે છે કે કેમીકલ એનાલીસીસ તેઓ જાતે કરતા નથી પુથ્થકરણ માટે મોકલીએ છીએ. તેઓ સ્વીકારે છે કે કેમીકલ એનાલીસીસનો પુથ્થકરણ રિપોર્ટ તેઓએ જાતે જોયો નથી, પી.એમ નોટ લખી ત્યારબાદ બીજુ કોઈ ફાઈડીગ આવ્યુ નહી કે કેમ તે તેઓના ધ્યાનમા નથી, શરીરના વચલા ભાગના સ્નાયુઓ તે શરીરના અન્ય ભાગના સ્નાયુઓ જેવા હોય છે, સામાન્ય રીતે લાશને સળગાવીદેવામા આવે તો જો નીચેનો ભાગ અને ઉપરનો ભાગ સળગી જાય તો વચલો ભાગ પણ સળગી ગયો હોય તેવી સંભાવના રહેલી છે, લાશ સાથે આવેલ યાદી છે તેમા કંઈ રીતે ગુનો બન્યો તેની આખી વિગત પોલીસે લખેલી છે, આ યાદી તેઓએ પોસ્ટ મોર્ટન કરતા પહેલા વાંચેલી, માંથાની ઈજા હથોડા જેવા હથિયાર થી થવાની સંભાવના વધુ છે, મુદ્દામાલ જેવા પત્થર સિવાયની પણ ધણી ભારી અને બોથડ વસ્તુથી આવી ઈજા થઈ શકે છે.

(૧૧) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૧૪ થી પંચસાહેદ નં.૨ ગણેશ સુરેશભાઈ પાટીલને તથા આંક–૧૬ થી પંચસાહેદ નં.૩ રાજેન્દ્ર યુવરાજ પાટીલને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચસાહેદો ઈન્કવેસ્ટ પંચનામાનાં પંચસાહેદો છે તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેઓને આંક–૧૫ નુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવતા તેમાં પંચો તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર બન્ને પંચ સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર બંને પંચસાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ નથી.

(૧૨) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૧૭ થી પંચસાહેદ નં.૪ બાપુ દયારામ પાટીલને તથા આંક–૨૫ થી પંચસાહેદ નં.૫ રાજેશભાઈ રામનરેશભાઈ કોળીને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચસાહેદો ગુનાવીળી જગ્યાના પંચનામાના પંચસાહેદો છે તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેઓને આંક–૧૮ નુ ગુનાવાળી જગ્યાનુ પંચનામું બતાવતા તેમાં પંચો તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ. તમને મુદ્દામાલ આર્ટિકલ નં.૧, ૨, ૩, ૪, ૫ અને ૬ ના મુદ્દામાલમાંથી નીકળેલ આંક–૧૯, આંક–૨૦, આંક–૨૧, આંક–૨૨, આંક–૨૩ અને આંક–૨૪ વાળી સહીવાળી કાપલી પંચસ્લીપ બતાવતા તેમાં પંચો તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર બન્ને પંચ સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર બંને પંચસાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ નથી.

(૧૩) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૨૬ થી પંચસાહેદ નં.૬ રાજેન્દ્રભાઈ પ્રવિણભાઈ આહીરને તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદ મરણજનારની લાશ ઉપરથી લીધેલ વિસેરાના પંચનામાના પંચસાહેદ છે તેઓ સરતપાસમાં જણાવે છે કે, આજ થી

બે ત્રણ વર્ષ પહેલા રેલવે પોસ્ટેમા તેઓને બોલાવેલ. ત્યા એક રાઈટર હાજર હતા ત્યા બીજા એક પોલીસ વાળા હાજર હતા ત્યા મુદ્દામાલ હતો તે તેઓને બતાવેલ, ત્યા લખાણ કરી તેઓની સહી લીધેલી. તેઓને આંક–૨૭ નુ મરણજનારની લાશ ઉપરથી લીધેલા વિસેરાનુ પંચનામું બતાવતા તેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં. ૭ જે એફ.એસ.એલ માટે મોકલેલ છે તેવો મુદ્દામાલ પાવતીમા રિપોર્ટ છે. આર્ટિકલ નં.૮ તે સ્ટેપ્લર મારેલ હાલતમા છે તે નામ.કોર્ટની પરવાનગીથી ખોલતા તેમા કાચની કસનળી જેના પર મરણારના ડાંઘ જે કાપલી લગાડેલ છે તે તેઓની હાજરીમા પોસ્ટેમા બતાવવામાં આવેલ હતુ તે જ હોવાનુ જણાવેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર પંચસાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, જેમા તેઓએ સ્વીકારેલ છે કે તેઓને કે તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ સુરત રેલ્વે પો.સ્ટે. બોલાવેલ, કેટલા વાગ્યે બોલાવેલ તે યાદ નથી, હવે કહે છે કે તેઓને ૧૮.૩૫ વાગ્યે બોલાવ્યા હશે, ત્યા તેઓને પો.ઇ. શ્રી સાહેબે જણાવેલ કે પો.કો. રવિન્દ્રકુમાર રે. પોસ્ટે આવીને મરણનારની લાશનુ પી.એમ. થયા બાદ મેડીકલ ઓફીસરે આપેલ વિસેરા સેમ્પલ રજૂ કરેલ, તેઓને ત્રણ સેમ્પલ બતાવામાં આવેલા તેવુ પંચનામું લખાવેલ છે.

સદર પંચસાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ગયેલા ત્યારે સેમ્પલો ટેબલ પર પડેલા હતા, પોલીસ તેમની રીતે ટાઈપ કરતી હતી, ટાઈપ થઈ ગયુ એટલે તેઓની સહી કરાવી અને તેઓ ત્યાંથી જતા રહેલા.

(૧૪) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૨૯ થી પંચસાહેદ નં.૭

નરેન્દ્રભાઈ રામભાવુ જોષીને તપાસેલ છે. તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેઓને આંક–૩૦ નુ તમો આરોપીની શરીરસ્થિતિનુ પંચનામું બતાવતા તેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ. તેઓને આંક–૩૧ નુ આરોપીના બ્લેડ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામું બતાવતા તેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર પંચ સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર પંચસાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેઓની તપાસમાં ચંદ્રકાન્તભાઈ બીજા પંચ તરીકે રહેલ છે તેવુ જણાવેલ તેઓએ પણ તેઓની સાથે તૈયાર પંચનામા પર સહીઓ કરેલ હતી, ઘણા બધા લખાણોમાં તેઓની સહીઓ લીધેલી હતી.

(૧૫) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૩૨ થી પંચસાહેદ નં.૮ આનંદ કનૈયાલાલ મોર્યને તપાસેલ છે. તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેઓને આંક–૩૦ નુ આરોપીની શરીરસ્થિતિનુ પંચનામું બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર પંચ સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર બંને પંચસાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ નથી.

(૧૬) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૩૩ થી પંચસાહેદ નં.૯ અતુલભાઈ ઠાકરોભાઈ પટેલને તથા આંક–૩૫ થી પંચસાહેદ નં.૧૦ મુસરફઅલી અબ્દુલરસીદ મન્સુરીને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચસાહેદો આરોપીના અટક પંચનામાના પંચસાહેદો છે તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેઓને આંક–૩૪ નુ આરોપીનુ અટક પંચનામું બતાવતા તેમાં પંચો તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ. વધુમાં પંચસાહેદ મુસરફઅલી અબ્દુલરસીદ મન્સુરી નાઓએ જણાવેલ કે, આરોપી લાજપોર જેલના વીસી રુમથી હાજર હોય, તેઓને આરોપી બતાવતા તેઓએ આરોપીને પોલીસ સ્ટેશન જોયેલા અને તેઓએ પોલીસને લખાણ કરાવેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર પંચ સાહેદ અતુલભાઈ ઠાકોરભાઈઈ પટેલને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર પંચ સાહેદ મુસરફઅલી અબ્દુલરસીદ મન્સુરીને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આંક–૩૪ ના પંચનામમાં એવુ લખેલ કે " તા. ૨૮/૦૩/૨૦૨૧ ના રોજ તઓને રેલેવ પોસ્ટે બોલાવેલ અને ત્યા આરોપી હાજર હોય અને આરોપીએ પોતાનુ નામ સાગર અનિલ બાગલે હોવાનુ જણાવેલ અને આરોપીએ પહેરેલ કપડાનું પંચનામું લખવામા આવેલ હતુ અને તે પંચનામામા પંચ નં. ૨ તરીકે સહી કરેલ.

સદર કામે પંચસાહેદ અતુલભાઈ ઠાકરોભાઈ પટેની બચાવપક્ષ તરફે ઉલટતપાસ નથી. જ્યારે પંચસાહેદ મુસરફઅલી

અબ્દુલરસીદ મન્સુરી નાઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઊલટતપાસમા તેઓએ સ્વીકાર કરેલ છે કે, તેઓએ ઘણા બધા પંચનામામા સહી કરેલી, પોલીસવાળા જ્યારે તેઓને બોલાવે ત્યારે તેઓ પંચનામામાં સહી કરવા જાય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બતાવી તેઓને સહી કરી જવા દે છે.

(૧૭) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૩૭ થી પંચસાહેદ નં.૧૧ વિનોદકુમાર ચેગેનારાયણ મિશ્રાને તથા આંક–૩૯ થી પંચસાહેદ નં.૧૨ જીતેન્દ્ર કૌશલકિશોર રાજપુતને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચસાહેદો મરણજનાર પિતાના બ્લડ સેમ્પ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદો છે તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેઓને આંક–૩૮ નુ મરણજનારના પિતાના બ્લડ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામું બતાવતા તેમાં પંચો તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર બન્ને પંચ સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર બંને પંચસાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ નથી.

(૧૮) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૪૦ થી પંચસાહેદ નં.૧૩ જાવેદ ખ્વાજા શેખને તથા આંક–૪૩ થી પંચસાહેદ નં.૧૪ રાજપાલ ધન્નાલાલ ગૌડને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચસાહેદો રીકન્ટ્રક્શન પંચનામાના પંચસાહેદો છે તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેઓને આંક–૪૧ નુ રીકન્ટ્રકશન પંચનામું બતાવતા તેમાં પંચો તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ. તમને મુદ્દામાલ આર્ટિકલ નં. ૧૮ ના મુદ્દામાલમાંથી નીકળેલ સહીવાળી કાપલી આંક–૪૨ વાળી

પંચસ્લીપ બતાવતા તેમાં પંચો તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર બન્ને પંચ સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર બંને પંચસાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ નથી.

(૧૯) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૪૪ થી પંચસાહેદ નં.૧૫ અરમાન યાકુબ મન્સુરીને તથા આંક–૪૬ થી પંચસાહેદ નં.૧૬ સાકીરઅલી ઉસ્માનઅલીને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચસાહેદો આરોપીના ઘરની ઝડતીના પંચનામાના પંચસાહેદો છે તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેઓને આંક–૪૫ નુ આરોપીના ઘરની જડતી તપાસનુ પંચનામું બતાવતા તેમાં પંચો તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર બન્ને પંચ સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર બંને પંચસાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ નથી.

(૨૦) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૪૭ થી પંચસાહેદ નં.૧૭ યાસીન યાકુબ પટેલને તથા આંક–૫૦ થી પંચસાહેદ નં.૧૮ રાજેશ કલ્યાણસિંહ પરમારને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચસાહેદો સીસીટીવી કુટેજ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદો છે તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેઓને આંક–૪૮ નુ સીસીટીવી કુટેજ

કબજે કર્યા અંગેનુ પંચનામું બતાવતા તેમાં પંચો તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ. તેમને મુદ્દામાલ આર્ટિકલ નં. ૧૯ ના મુદ્દામાલમાંથી નીકળેલ સહીવાળી કાપલી આંક-૪૯ વાળી પંચસ્લીપ બતાવતા તેમાં પંચો તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર બન્ને પંચ સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર બંને પંચસાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ નથી.

(૨૧) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક-૫૧ થી સાહેદ નં.૧૯ ફરિયાદી વૈભવ ડગડુભાઈ મોરેને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે સરતપાસમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૨૧ મા સુજાતા સિન્થેટીક્સ કંપનીમા હેલ્પર તરીકે નોકરી કરતા હતા. આ મરણજનાર અજય ડગડુભાઈ મોરે તેઓના મોટો ભાઈ થતો હતા. તેઓ નોકરી પર સવારે ૯.૦૦ વાગ્યે જતા અને રાત્રે ૧૦.૦૦ વાગ્યે પરત આવતા. બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ બનેલો ત્યારે તેઓ નોકરી પર ગયેલા હતા, તે દિવસે તેઓ બનાવના દિવસે ૮.૦૦ વાગ્યે પરત આવેલા અને ઘરે તેઓની મમ્મી હાજર હતા. મમ્મી હાજર હતા ત્યારે તેઓને જણાવેલ કે "તુ જમી લે અને તારા ભાઈ અજયને ફોન કર અને તમે બંને સાથે જમી લો" તેથી તેઓએ તેઓના ભાઈના મોબાઈલ નંબર પર ફોન કરતા તેણે ફોન ઉપાડેલ નહી અને ત્યારબાદ બીજી વખત પણ ફોન કરતા તેણે ઉપાડેલ નહી ત્યારબાદ તેઓએ જમી લીધેલુ ત્યારબાદ જમી લીધા બાદ પણ અજયને ફોન કરેલ પણ ફોન ઉપાડેલ નહી, ત્યારબાદ મોડી રાત્રી થઈ ગઈ ત્યારે પણ કોલ કરેલ અને સુઇ ગયેલ ત્યારબાદ બીજા

દિવસે સવારે ઉઠેલ તે વખતે તેઓએ ઘરમા જોયેલ ત્યારે અજય ઘરમા હાજર ન હતો. ત્યારબાદ સાત વાગ્યે નોકરી પર જતા રહેલા , ત્યારબાદ બપોરના બારેક વાગ્યાના અરસમા યોગેશપાટીલનો તેઓના પર ફોન આવેલ અને જણાવેલ કે "તારો ભાઈ ક્યા છે ? તે ફોન કેમ ઉપાડતો નથી" ત્યારે તેઓએ કહેલ કે તેઓ નોકરી પર છે અને તેઓ ગઈ કાલથી ફોન કરે છે પણ તે ફોન ઉપાડતો નથી તેમ કહી તેઓએ ફોન મુકી દીધેલો. તે પછી તેઓ રાત્રીના આઠ વાગ્યે નોકરી પરથી ઘરે આવેલ, તે વખતે તેઓની મમ્મીએ તેઓને જણાવેલ કે અજયનો મિત્ર ઘરે આવેલ અને તે અજયની પુછપરછ કરતા હતા તે પછી તેઓએ પણ મમ્મીને કહેલ કે અજય તેઓનો પણ ફોન ઉપાડતો નથી. ત્યારબાદ તેઓએ અજયના મિત્રને ફોન કરી અને પુછપરછ કરેલ કે અજય ક્યાં છે ? તેવુ પણ તે જણાવેલ કે તેમને પણ ખબર નથી અને તેઓના પણ ફોન ઉપાડતા નથી. ત્યારબાદ તેઓએ સગા સંબધીઓને ફોન કરતા પુછપરછ કરેલ કે અજય તમને ત્યાં આવેલ છે કે કેમ તો તેમણે જણાવેલ કે અજય ત્યાં આવેલ નથી. ત્યારબાદ તેઓ અને અજયમિત્ર સાથે આજુબાજુ શોધખોળ કરેલી પરંતુ અજય મળી આવેલ નહી તેથી તેઓ ડીડોંલી પોસ્ટે. મા ગયેલા અને તેઓના ભાઈ અજયની મીસીગ થયા અંગેની ફરીયાદ તેઓએ કરેલી હતી. મીસીગ ફરીયાદ તેઓ આપીને પરત ઘરે આવી ગયેલા. ત્યારબાદ બીજા દિવસે પણ તેઓ તેઓના ભાઈની શોધખોળ કરવા માટે નીકળેલા તો પણ તેઓના ભાઈની જાણ મળેલી નહી તે પછી યોગેશપાટીલે તેઓને જણાવેલ કે તેઓન ભાઈ અજયનો તેમના પર ફોન આવેલ હતો અને જણાવેલ કે તેઓ ભીમ નગર આવાસમા છે, ત્યારબાદ તેઓ ત્યા ભીમનગર આવાસમા ગયેલા ત્યા પુછતાછ કરેલી પણ ત્યા કોઈ મળેલી નહી અને ત્યાંના સીસીટીવી ફુટેજની તેઓએ ચકાસણી કરેલી. કેમેરા હતા તેમા જોયુ તો તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ રાત્રીના ૮.૫૨ નુ સીસીટીવી ફુટેજ જોયુ તો તેઓના ભાઈની હાજરી જણાયેલી. તે બે વ્યક્તિ પાસે

બાઈક પર હતો અને તે બાઈક ઉપર તેઓનો ભાઈ વચ્ચે બેઠેલો હતો. તે ફુટેજ તેઓએ ત્યાંથી મેળવી તે ફુટેજનો તેઓએ ફોનમા રેકોર્ડીંગ કરેલ અને તે પછી તે રેકોર્ડીંગ તેઓએ ડીડોલી પોલીસને બતાવેલ, તે વીડીયો પોલીસવાળાએ તેઓની પાસેથી લીધેલ અને પોલીસવાળા ભીમનગર આવાસમા પુછપરછ કરવા માટે ગયેલા. ત્યારબાદ તેઓ બીજા દિવસે પોસ્ટે.મા પુછપરછ કરવા પોસ્ટે. ગયેલા તો પોલીસવાળાએ જણાવેલ કે હજુ તપાસ ચાલુ છે. ત્યારબાદ તેઓ પરત ઘરે આવી ગયેલા, ત્યારબાદ તા.૨૪/૦૩/૨૦૨૧ ના રોજ પોલીસે તેઓને ભીમનગર આવાસમા બોલાવેલ અને જણાવેલ કે અહી એક ડેથ બોડી મળેલ છે તે તેઓના ભાઈની છે કે કેમ તે તેઓ જોઈલેય. જે લાશ કુંડીના અંદર દાટેલી હતી, તે કુંડીને પોલીસવાળાએ ખોદાવીને તે લાશને બહાર કાઢેલી, જે લાશ તેઓએ જોયેલી તે ડીકમ્પોસ હાલતમા હતી તે લાશને વાળની હેરસ્ટાઈલ અને તેના ડાબા કાનમા બુટ્ટી પહેરેલ હતી તેના પરથી તેઓએ તેઓના ભાઈ અજયની છે તેવુ તેઓએ પોલીસવાળાને જણાવેલુ. ત્યારબાદ લાશને પોસ્ટ મોટર્મ માટે લઈ ગયેલા. ત્યારબાદ તેઓને પોલીસવાળાએ સ્મીમેર હોસ્પિટલમા બોલાવેલા અને તે લાશ તેઓના ભાઈ અજયની છે તેવુ તેઓએ જણાવેલુ, ત્યારબાદ તેઓના પપ્પાનુ ડી.એન.એ ટેસ્ટ માટે બોલાવેલ અને ડી.એન.એ. લીધેલુ તે ડી.એન.એ. કેસ પરથી તે બોડી તેઓના ભાઈ અજયની છે તેવુ જણાવેલ. ત્યારબાદ સાંજે ચાર વાગ્યે તેઓના ભાઈની બોડી આપતા તેનો અંતિમ સંસ્કાર કરેલ. ત્યારબાદ પોલીસવાળાએ તેઓને જણાવેલ કે આરોપી છે તેનુ નામ આરોપી સાગર બાગલે અને બીજો હતો તેનુ નામ સોનુ વાઘ હતુ જે આરોપીઓ સાથે આ બાઈક પર તેઓના ભાઈ સાથે બેઠેલો હતા અને આરોપી પકડાઈ ગયેલ છે તેવુ પોલીસે જણાવેલુ. પોલીસે જણાવેલ કે તમણે આરોપીને પુછપરછ કરતા જણાવેલ કે આરોપી સાગર બાગલે જણાવેલ કે તેમની જે ગલફ્રેન્ડ હતી તેનુ તેઓના ભાઈ

અજયનુ અફેર હતુ તે અદાવતમા તેઓએ તેઓના ભાઈનુ ખુન કરેલ છે. તેઓના ભાઈને ચપ્પુ અને પથ્થર વડે માર મારી તેનુ મોત નીપજાવેલ છે તે અંગેની તેઓએ રેલવે પોસ્ટે.મા ફરીયાદ આપેલ. તેઓને નિ. ૪/૧ ની અસલ ફરીયાદ બતાવતા જેમા તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવી આંક–૫૨ થી રજૂ કરેલ. મુદ્દામાલ આર્ટિકલ નં.૧૯ તે એક લીલા કવરમા સ્ટેપ્લર મારેલ છે તે વિ.એ.પી.પી.શ્રી અને આરોપીના વિ.વ.શ્રીની હાજરીમા ખોલતા તેમાથી એક સફેદ કવર નીકળેલ તેમાંથી બીજુ એક સફેદ કવર નીકળેલ તેમા પેન ડ્રાઈવ નીકળેલ તે ડીસ્ટ્રીકટ કોર્ટ, કોમ્પયુટર સેન્ટરમાંથી લેપટોપ લઈને આવેલ જે લેપટોપમા સ્ટાફ દ્વારા રન કરાવતા ચાર ફોલ્ડર દેખાય છે તે પૈકી એક વીડીયો ફાઈલ જે સુરત ૦૧૫૫–૨૦૨૧ આઈપીસી ૩૦૨ સીસીટીવી કુટેજ અંગ્રેજીમા લખેલ છે તે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રી તથા સાહેદની હાજરીમા તે વીડીયો ફાઈલ ચાલુ કરી જોતા જેમા આરોપી સાગર બાગલે અને તેઓના ભાઈ દેખાય છે તેમા બ્લેક કલરની ડીઓ પણ દેખાય છે તેમા આરોપી સાગર બાગલે સાથે બીજો વ્યકિત છે તે પણ દેખાય છે તેનુ નામ સોનુ વાઘ હોવાનુ જણાય છે આ વીડીયો ફાઈલ રન કરતી સમયે આરોપીના વિ.વ.શ્રી રજુઆત કરેલ છે કે, સાહેદને સી.સી.ટી.વી. કુટેજ બતાવી તેઓ હકકીત જણાવી શકે નહી પરંતુ સદર વાંધો ગ્રાહ્ય રાખવા પાત્ર નથી કારણકે જ્યા સુધી ઈલેકટ્રોનિક એવીડન્સનો પ્રશ્ન છે તે સીસીટીવી કુટેજ સાહેદને બતાવ્યા વિના તેમા શુ છે તે જુબાનીમા નોંધી શકાય નહી જેથી સાહેદને સીસીટીવી કુટેજ બતાવવી જરૂરી છે, આ કુટેજ તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ ની હોવાનુ દેખાય છે તેમા ૮.૪૩ મિનિટે આરોપી સાગર બાગલે અને તેઓના ભાઈ દેખાય છે તેમા બ્લેક કલરની ડીઓ પણ દેખાય છે તેમા આરોપી સાગર બાગલે સાથે બીજો વ્યકિત છે તે પણ દેખાય છે તેનુ નામ સોનુ વાઘ હોવાનુ દેખાય છે. વીડીયોમા ૮:૪૪:૦૯ સમયે ડીઓ ગાડી પર આરોપી સાગર બાગલે અને તેની પાછળ

તેઓના મરણજનાર ભાઈ અજય મોૈરે અને તેની પાછળ ત્રીજો વ્યક્તિ સોનુ વાઘ દેખાય છે અને તેઓ આ ગાડી પર તેઓના ભાઈને બેસાડીને લઈ જાય છે તેવુ દેખાય છે. આરોપી લાજપોર જેલથી વીડીયો કોન્ફરન્સથી હાજર હોય તેમાં વીસી રુમમા હાજર તે આરોપી સાગર બાગલે હોવાનુ જણાવેલ, તે વી.સી. રુમથી હાજર તમોએ પોતાનુ નામ આરોપી સાગર અનિલ બાગલે હોવાનુ જણાવેલ.

સદર સાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોલીસને તેઓના કોલ લોગની ડીટેલ આપેલ નથી. તેઓ જણાવે છે કે તેઓએ પોલીસને તેઓના કોલ લોગ કઢાવીને આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓ સ્વીકારે છે કે બનાવ તેઓએ નજેર જોયેલ નથી, બનાવ અંગેની તેઓને કોઈ જાત–માહીતી નથી, ભીમગનર ખાતે તેઓ ગયેલ હોય અને કોની કોની સાથે ગયેલ અને કોની કોની પુછપરછ કરેલ તેમના નામ તેઓએ તેઓની ફરીયાદમા લખાવેલ નથી, સીસીટીવી કેમેરો કોની દુકાન પર લાગેલ હતો તે દુકાનનુ નામ કે તે દુકાનના માલીકનુ નામ તેઓએ તેઓની ફરીયાદમા લખાવેલ નથી, સીસીટીવી ફુટેજ પોલીસે કબજે કરેલ નથી, પરંતુ તેઓએ તેમને આપેલ હતી. તેઓ જણાવે છે કે તેઓએ તેઓના મોબાઈલમાથી સીસીટીવી ફુટેજ પોલીસને આપેલુ અને આવા ફુટેજ આપતી વખતે તેઓએ પોલીસને સીસીટીવી ફુટેજ સાચી છે તે બાબતનુ કોઈ પ્રમાણપત્ર આપેલ નથી, કે પોલીસે તેઓની પાસે આવુ કોઈ પ્રમાણપત્ર માંગેલ નથી. તેઓ સ્વીકારે છે કે ફરીયાદ તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ રાત્રે આપેલ હતી. તેઓ જણાવે છે તેઓનુ કહેવુ કહેવુ એમ છે કે, તેઓએ જ્યારે પોલીસને સીસીટીવી ફુટેજ બતાવેલ ત્યારેજ પોલીસે તેઓની ફરીયાદ લઈ લીધેલી. તેઓ જણાવે છે કે તેઓના કહેવા પ્રમાણે તેઓએ તેઓના ભાઈની મીસીગ કમ્પલેન તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ લખાવેલી, તેઓના કહેવા પ્રમાણે તા.૨૩/૦૩/૨૦૨૧ ના

રોજ ખબર પડેલી કે તેઓનો ભાઈ મીસીગ છે. તેઓ સ્વીકારે છે કે, જ્યારે તેઓનો ભાઈ ખોવાયેલ ત્યારે કર્ફ્યુનો ટાઈમ ચાલતો હતો, તેઓ તેઓના ભાઈને શોધવા નીકળેલ ત્યારે તેઓને કોઈ પોલીસવાળાએ અટકાવેલ હોય તેવુ બનેલ નથી, તા.૨૩ મીએ તેઓના ભાઈનો માલીક યોગેશ પાટીલનો તેઓના ઉપર ફોન આવેલો ત્યારે તેમણે તેઓના ભાઈ વિષે તેઓને માહીતી પુછેલી અને તે ક્યા છે તેવુ પુછેલુ, તે ફોનમા તેઓને તેઓના ભાઈ વિષે માહીતી આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓ જણાવે છે કે ત્યારપછી યોગેશભાઈના માણસો પણ તેઓનો ભાઈ ક્યા છે તે વિષે માહીતી લેવા તેઓના ઘરે આવેલા. તેઓ સ્વીકારે છે કે, યોગેશભાઈનો ફોન આવ્યો અને તથા તેમના માણસો તેઓના ઘરે માહીત માગવા આવેલા ત્યા સુધી તેમને પણ તેઓના ભાઈ અજય વિષે કોઈ માહીતી હતી નહી, પોલીસ આરોપી સાગર બાગલેના ઘરે તપાસ કરવા ગયેલ હોય ત્યારે તેઓ સાથે ગયેલ નહી, પોલીસને તેઓના ભાઈની લાશની ભાળ ક્યાથી મળી તે અંગે તેઓને કોઈ જાત–માહીતી નથી. તેઓના ભાઈની લાશ દાટેલી હતી અને તે લાશ પોલીસે ખોદીને કાઢેલી હતી, તે લાશ નીકાળેલી ત્યારે લાશ અર્ધ બળેલ અવસ્થામા હતી અને ચહેરો આખો સળગી ગયેલો હતો, લાશને બાળવામા આવે અને ચહેરો પણ બળી ગયેલ હોય તો સૌથી પહેલા વાળ બળી જાય છે, લાશને જો દાટી દેવામા આવે તો વાળ હોય તો પણ તે સંદતર વીખેરાઈ જાય, કાનમા કાળા કલરની બુટી ઘણા લોકો પહેરતા હોય છે અને ચોક્કસ પ્રકારની હેર સ્ટાઈલ ઘણા લોકો રાખતા હોય છે, વધુમાં, સદર ફરિયાદી ઊલટતપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, તેઓએ તેઓની ફરીયાદમા એવુ લખાવેલ નથી કે " ત્યારબાદ મારા પપ્પાનુ ડી.એન.એ ટેસ્ટ માટે બોલાવેલ અને ડી.એન.એ. લીધેલુ તે ડી.એન.એ. કેસ પરથી તે બોડી મારા ભાઈ અજયની છે તેવુ જણાવેલુ. ત્યારબાદ સાંજે ચાર વાગ્યે મારા ભાઈની બોડી આપતા તેનો અંતિમ સંસ્કાર કરેલ.

ત્યારબાદ પોલીસવાળાએ અમોને જણાવેલ કે આરોપી છે તેનુ નામ સાગર બાગલે અને બીજો હતો તેનુ નામ સોનુ વાઘ હતુ જે આરોપીઓ સાથે આ બાઈક પર મારા ભાઈ સાથે બેઠેલો હતો, અને આરોપી પકડાઈ ગયેલ છે તેવુ પોલીસે જણાવેલુ. પોલીસે જણાવેલ કે અમો આરોપીને પુછપરછ કરતા જણાવેલ કે સાગર બાગલે જણાવેલ કે મારી જે ગલફ્રેન્ડ હતી તેનુ મારા ભાઈ અજયનુ અફેર હતુ તે અદાવતમા તેઓએ મારા ભાઈનુ ખુન કરેલ છે. મારા ભાઈને ચપ્પુ અને પથ્થર વડે માર મારી તેનુ મોત નીપજાવેલ છે". વધુમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ૨૮મી તારીખે જે તેઓએ ફરીયાદ લખાવેલી તે પહેલા ઘણી તપાસ તેઓના દ્રારા તથા પોલીસ દ્રારા થઈ ગયેલ હતી. આ સિવાયના સવાલોનો સદર ફરિયાદીએ ઊલટતપાસમાં ઈન્કારીયતમાં જવાબ આપેલ છે.

(૨૨) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૫૬ થી સાહેદ નં.૨૦ ગંભીરસિંહ ધીરૂભા સોલંકીને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ તેઓ તથા પો.હે.કો.મુકેશકુમાર હસમુખલાલ, પો.કો. સુનિલકુમાર માનસંગભાઈ, તથા લોક રક્ષક સંજયકુમાર સાહરભાઈ નાઓ એલ.સી.બી.પ.રે.સુરત ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન સુરત રેલવે પોસ્ટે. પાર્ટ–એ–૧૦૧૫૫/૨૦૨૧, ઈ.પી.કો કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી), ૩૪, જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબના કામે મરણજનાર ઈસમ અજય ડગડુ મોરે વાળાને તા. ૨૨/૦૩/૨૦૨૧ ના રોજ આરોપી નામે સાગર અનિલ બાગલે તથા આરોપી સંતોષ ઉર્ફે સોનુ વાઘ નાઓએ ચપ્પુ તથા પથ્થર વડે મારી નાંખી દાટી દઈ ગુનો કરી નાશી ગયેલ હોય જે આરોપીઓની તપાસમા તથા તે વખતે તેઓને પો.કો. સુનિલકુમાર નાઓને સંયુક્તપણે અંગત બાતમીદાર મારફતે બાતમી હકીકત મળેલ કે સદર ગુનાના વોન્ડેટ આરોપી સદર નોંધ કરી પોતાના વતન મહારાષ્ટ્ર નંદુબાર તરફ જતા રહેલ છે જેમા

આરોપી સાગરે શરીરે લીલા કલરની ગોળ ગળાની આખી બાયની ટીશર્ટ તથા ભુખરા કલરનુ કોટન જીન્સ પેન્ટ પહેરેલ છે તથા આરોપી સોનુએ લાલ ભુરા લીલા કલરની ડીઝાઈનવાળી અડધી બાયનુ શર્ટ તથા સફેદ પેન્ટ પહેરેલ છે અને હાલમા લોક ડાઉન ચાલતુ હોય તમો નંદુરબાર રેલવે સ્ટેશન ઉપર રહો છો, જેથી તેઓએ સાથેના ઉપરોકત પોલીસ માણસોને ઉધના પોલીસ ચોકીમા બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરી મહે. પોલીસ અધિક્ષક પ.રે.વડોદરાનાઓની રાજ્ય બહારની મૌખિક મંજુરી મેળવાની અપેક્ષાએ ખાનગીવાહનમા સુરતથી નંદુરબાર રેલવે સ્ટેશન ગયેલ અને નંદુરબાર રેલવે સ્ટેશન ઉપર પ્લેટફોર્મ તેમજ ઓવરબ્રીજ ઉપર તપાસ કરતા પેસેન્જરોની અવર જવર ઓવરબ્રીજ ઉપર બાતમીમાં જણાવેલ વર્ણનવાળા બંને આરોપીઓ સુતેલા જોવા આવતા સાથેના પોલીસ માણસોની મદદથી કોર્ડન કરી કલાક ૦૪.૩૦ વાગ્યે પકડી લીધેલ અને નંદુરબાર રેલવે સ્ટેશન થી એલ.સી.બી.પ.રે.સુરત ઓફિસે લાવી આરોપીઓની પુછપરછ કરતા આરોપીએ ગુનાની કબુલાત કરેલ અને આરોપીને પોતાના નામ ઠામ પુછતા જેમા આરોપીએ (૧) સાગર અનિલ બાગલે ઉ.વ.૨૨ રહે. ભીમનગર આવાસ. ઉધના, સુરત તથા (૨) કાયદાસંઘર્ષમા આવેલ બાળકિશોર વાળા હોવાનુ જણાવેલ, આરોપીઓની ગુના સંબધે પુછપરછ કરતા આરોપી સાગરે જણાવેલ કે સદર મરણજનાર અજયને તેમની પત્ની પલ્લવી સાથે અગાઉ સંબધ હતા અને પોતાના લગ્ન બે અઢી મહીના અગાઉ થતા પોતાની પત્ની પલ્લવી સદર સંબધ નહી રાખવા માંગતી ન હોવા છતાં અજય તેને અગાઉના ફોટા વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરી હેરાન કરતા હોય જે સંબધે પલ્લવીએ આરોપીને હકીકત જણાવેલ જેથી પોતે અજયને મળી પોતાની પત્નીને કેમ હેરાન કરે છે અને હેરાન નહી કરવા જણાવતા તેને જણાવેલ કે "તુ મને એકવાર તારી પત્ની પલ્લવીને મળાવ" તેમ જણાવેલ અને અજય પોતાની પત્નીને હેરાન કરતો

હોય સાગરે પોતાના મિત્ર સંતોષ ઉર્ફે સોનુને મળી તેને મારવાનો પ્લાન બનાવી તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ સાગર અને સોનુનાઓ મોપેડ લઈને અજય પાસે ગયેલ અને પોતાની પત્નીને મળાવી દઉ તેમ જણાવી મોપેડ ઉપર બેસાડી ભીમનગર ઉધના રેલવે ટ્રેક પાસે લાવેલા અને પોતાની પત્નીને કેમ હેરાન કરે છે તેમ પુછતા અજયે જણાવેલ કે "તુ એક વખત તારી પત્નીને મળાવ હુ તેના કારનામા તને જણાવીશ" તેમ જણાવતા સોનુ વચ્ચે બોલતા અજય સાથે બોલાચાલી થયેલ તેથી સોનુએ પોતાના પાસેની છરીનો ઘા મારતા અજય પડી ગયેલ જેથી પોતે બાજુમા પડેલ પત્થર ઉચકી અજયના માથા ઉપર બે ત્રણ વખત ઘા મારેલ અને સોનુએ છ – સાત ઘા છરીના મારેલ અને અજય મરણ જતા બાજુમા આવેલ પતરાની ઓરડીમા ખાડો કરી દાંટી દઈ ઓરડી બંધ કરી નાશી ગયેલ હોવાની હકીકત જણાવતા તમો આરોપીની શરીર સ્થિતિ અંગઝડતીનુ પંચનામુ કરી સાથેના પોલીસ માણસોના તેઓની રુબરુના નિવેદન લઈ પો.ઈન્સ.શ્રી નાઓને રિપોર્ટ સાથે સોંપેલ હતો. આ તબક્કે તમો આરોપીના વિ.વ.શ્રી ઉપરોક્ત પોલીસ રુબરુની કબુલાત સંબધે વાંધો દર્શાવેલ. તેઓને નિ,૫૫/૧ બતાવતા જે તેઓએ પો.ઈન્સ.સુરત રેલવે નાઓને આ કામના આરોપી સાગર બાગલે તથા સોનુને સંભાળી લેવાનો પત્ર લખેલ જેમા તેઓની સહી છે તે ઓળખી બતાવી આંક–૫૭ થી રજૂ કરેલ. તેઓ આરોપીને ઓળખી શકે. આરોપી લાજપોર જેલથી વીડીયો કોન્ફરન્સથી હાજર હોય તેમા કાળા કપડા પહેરેલ આરોપીનુ નામ સાગર અનિલ બાગલ છે તે વી.સી રુમમા તે આરોપીને પુછતા પોતાનુ નામ સાગર અનિલ બાગલે હોવાનુ જણાવેલ.

સદર સાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા. ૨૮.૩.૨૦૨૧ નાં રોજ હુ ૨૪ કલાક ફરજ ઉપર હાજર હતો, ૨૮ તારીખે રાત્રે ૦.૦૦ વાગ્યા થી તેઓ ઉધના મર્ડર કેસ દાખલ થયેલો તેની તપાસમાં ઉધના મુકામે હાજર હતા, તેઓ

ઉપર જણાવ્યા મુજબની કોઈ તપાસ માં હોય તેવી નોંધ પો.સ્ટે.માં ડાયરીમાં કરેલ નથી, તેઓને બાતમી રૂબરૂમાં મળેલ હતી, આ બાતમી તેઓ ઉપરની તપાસમાં હતા ત્યારે મળેલ હતી, તેઓના બાતમીદાર ને ખબર હતી કે તેઓ પો.સ્ટે. માં નહી પરંતુ ઉધના મર્ડર ની તપાસમાં છે ત્યા આવીને તેઓને અંગત રીતે તેઓને બાતમી આપેલી, બાતમીદારને સરકાર તરફ થી ઈનામો અને મહેનતાણુ આપતા હોય છે તેઓને મળેલ બાતમી સંદર્ભે તેઓ બાતમીદારનુ નામ સરકાર માં રીફર કરતા હોયો છે, બાતમીદાર લોકલ હતા, બાતમીદારે તેઓને આરોપી નંદુરબાર નો છે તેની જાણ કરેલ હતી, બાતમીદારને આરોપીઓ નંદુરબારનાં છે તેની જાણ કેવી રીતે થયેલી તેની તેઓને ખબર નથી. બાતમીદાર બાતમી આપતી વખતે આપ સાથે ઉધના મુકામે હાજર હતા એટલે નંદુરબાર માં તે વખતે આરોપી કયા અને કઈ સ્થિતિમાં છે તેવુ તે બાતમીદારે જાતે જોયુ હોય શકે નહી તે સવાલના જવાબમાં જણાવેલ છે કે એ વાત સાચી છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે તેઓ બાતમીદારને નંદુરબાર લઈ ગયા નથી, બાતમીદારે આરોપીઓએ શરીર શુ પહેર્યુ છે તે મુજબની બાતમી આપેલી પરંતુ ચહેરા મોઢા કદ કાઠી નુ વર્ણન આપેલુ નહી, લીલા કલરનુ ટીશર્ટ અને ભુખરા કલરનુ જીન્સ ઘણા લોકો પહેરતા હોય છે, બાતમી મળી ત્યારબાદ તેઓ ફરી પો.સ્ટે. ગયા નહી પરંતુ ઉધના મુકામે તેઓની ટીમ સાથે હતો તેઓની ટીમને કઈ જગ્યાએ જવાનુ છે તે સમજાવવામાં દસ થી પંદર મીનીટ લાગી હશે, સુરત મુકામે થી તેઓ પંચોને સાથે લઈ ને ગયેલા નહી, તેઓ સુરત રેલ્વે પોલીસ કે નંદુરબાર રેલ્વે પોલીસ ને આ પ્રકારનાં ઈસમોને પકડવાના છે તેની જાણ કરતો ફોન કરેલો નહી, તેઓ તેઓની ટીમ સાથે નંદુરબાર જવાના છુ તે બાબતનુ કોઈપણ નંદુરબાર રેલ્વે પોલીસને જાણ કરેલી નહી, ખાનગી વાહન નો નંબર તેના માલીક ની વિગત તેઓએ જણાવેલ નથી, ખાનગી વાહન કોણ ચલાવતુ હતુ તેની વિગત પણ તેઓએ જણાવેલ નથી, ખાનગી વાહનમાં પેટ્રોલ ભરાવેલ હોય કે

ટોલ ભરેલ હોય તેવી કોઈ હકીકત તપાસ કરનાર અધિકારીને જણાવેલ નથી કે રજુ કરેલ નથી. તેઓ સ્વીકારે છે કે તા. ૨૮.૩.૨૦૨૧ નાં રોજ ભારત દેશમાં કોરોના મહામારી નાં કારણ લોકડાઉન હતું, રાત્રિનાં સમયે ખાનગી વાહન ને નીકળવાની પરવાનગી ન હતી, સાહેદ જણાવે છે કે પોલીસ તરીકે ખાનગી વાહન લઈ જઈ શકતા હતા, લોકડાઉનનાં કારણે ઘણી ચેકીંગ રસ્તામાં હતી, દરેક જગ્યાએ ખાનગી વાહન ને રોકતા હતા અને તેઓની ઓળખ આપ્યા બાદ જવા દેતા હતા, તેઓ નંદુરબાર ટીમ સાથે ગયેલ તેની લેખિત નોંધ તેઓના પો.સ્ટે. માં કરેલ નથી, સાહેદ જણાવે છે કે તેઓના ઉપરી અધિકારીને મૌખિક જાણ કરેલી, તેઓના ઉપરી અધિકારીએ નંદુરબાર જવા માટે લેખિતમાં હુકમ કરેલ હોય તેવુ બનેલ નથી, નંદુરબાર પહોચતા તેઓના જણાવ્યા મુજબ ત્રણેક કલાક જેટલો સમય લાગેલો, સુરત થી નંદુરબાર અંદાજે પોણાબસો કિ.મી. જેટલુ છે, ટ્રાફીકનાં સમયમાં અવરેજ ૬૦ થી ૭૦ ની સ્પીડે વાહન ચાલે તો ૩ કલાકે નંદુરબાર પહોચી શકાય, સાહેદ જણાવે છે કે લોકડાઉન નાં કારણે રસ્તા ખાલી હતા. વધુમાં સાહેદ સ્વીકારે છે કે બાતમીદારે તેઓને જણાવેલ કે આરોપીઓ તેમના વતન તરફ ભાગી ગયેલ છે, જો આરોપીનુ વતન નંદુરબાર ન હોય તો સામાન્ય રીતે તેઓ નંદુરબાર જાય નહી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે લોકડાઉનનાં કારણે નંદુરબારમાં હતા, તેઓને એવી બાતમી હતી કે આરોપી સ્ટેશન વિસ્તાર માં છે, નંદુરબાર સ્ટેશન વિસ્તાર ઘણો મોટો છે, ઘણા લોકો નંદુરબાર પો.સ્ટે. વિસ્તાર માં હતા, કપડાનાં વર્ણનનાં આધારે જયારે કોઈ વ્યકિતને શોધવાનો હોય તો વિસ્તારમાં ઘણા વ્યકિતઓને પણ ચકાસવા પડતા હોય છે, તેઓએ આરોપીને ડીટેઈન કર્યા બાદ નંદુરબાર રેલ્વે પો.સ્ટે. એ કે અન્ય પો.સ્ટે. એ આરોપીઓને લઈ જઈએ છીએ તે બાબતે જાણ કરેલી નહી, આરોપીને નંદુરબારમાં અટક બતાવેલ નહી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓને પુછપરછ માટે સુરત લઈને આવેલ

હતા, તેઓના કહેવા પ્રમાણે આરોપીની તમામ પુછપરછ અને કહેવાતી કબુલાત સુરત મુકામે થયેલ હતી, નંદુરબાર માં આરોપીને ડીટેઈન કર્યા બાદ સુરત લઈને આવ્યા ત્યા સુધી તેઓએ કોઈ પુછપરછ કરેલ નહી, સાહેદ જણાવે છે કે તેમનુ નામઠામ પુછેલ હતું, કબુલાત સમયે આરોપી પો.સ્ટે. માં પોલીસ કસ્ટડી હેઠળ હતા. કબુલાત સમયે તેઓએ એકઝી.મેજી.શ્રી ને બોલાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓ સ્વીકારે છે કે તપાસ કરનાર અધિકારીએ તેઓનુ અલગ કોઈ સ્ટેટમેન્ટ લીધેલ નથી, સાહેદ જણાવે છે કે આરોપીને ડીટેઈન કર્યાનો રીપોર્ટ તેઓએ કરેલ હતો.

(૨૩) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૬૧ થી સાહેદ નં.૨૧ વિમલકુમાર કાનજીભાઈ રાવલને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ સરતપાસમાં જણાવે છે કે, તેઓ માર્ચ– ૨૦૧૯ થી ઓગષ્ટ–૨૦૨૪ સુધી એફ.એસ.એલ.સુરત કચેરી ખાતે સાયન્ટિફિક ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન સુરત રેલવે પો.સ્ટે.ના ગુના રજી.નં. ૧૧૨૧૨૦૫૧૨૧૦૧૫૫/૨૦૨૧ ના કામે બનાવવાળી જગ્યાનુ સ્થળ વિઝિટ કરેલ હોય, તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ ટેલિફોનિક મેસેજ મારફતે બનાવવાળી જગ્યાએ પધારવા બાબતે મેસેજ મળેલ હતો, જે બનાવવાળી જગ્યા તપાસ અધિકારી કે.એમ.ચૌધરી પો.ઈન્સ.રેલવે પોલીસ સ્ટેશન,સુરત નાઓએ બતાવેલ હોય જે બનાવવાળી જગ્યા ભીમનગર આવાસ પાસે રેલવે ટ્રેક થી પશ્ચિમ તરફ પતરાવાળા ઝુપડામા અજાણ્યા ઈસમની બોડી મળેલ હોવાનુ જણાવેલ હતી. સદર ઝુપડુ ગેલ્વેનાઈઝના પતરાવાળુ અને ઈંટની દીવાલવાળુ તેમજ સિમેન્ટના પતરાની છતવાળુ હતુ, તેની સાઈઝ આશરે ૧૧ ફુટ ૫ ઈંચ * ૧૫ ફુટ ૪ ઈંચ હતી, સદર ઝુપડુ રેલવે ટ્રેકના પોલ નંબર ૨૬૧/કે.એચ/૧૧ થી આશરે પચ્ચાસ ફુટના અંતરે પશ્ચિમ તરફ હતુ. સદર ઝુપડામા બે કુંડી હતી, જે પૈકી ઝુપડામા પ્રવેશતા જમણી

તરફની પ્રથમ ક્રમની કુડીની સાઈઝ ૩કુટ ૨ ઇંચ અને ૩ કુટ ૪ ઇંચ હતી, તેમજ ઉડાંઈ ૪ કુટ ૩ ઇંચ હતી. જેમા દુર્ગંધ આવતી હતી, સદર ટાંકીમાથી મેશયુક્ત સિમેન્ટ રેતીવાળો પત્થર તથા બળેલ, અર્ધ બળેલ કપડાના બે ટુકડા મળેલ હતા,સદર ઝુપડાથી આશરે ૩૩ કુટના અંતરે ઉત્તર તરફ ૪૧*૧૩ હતુ, અને તેની ઉચાઈ આશરે ૫ કુટ , માટી પત્થર અને કચરાનો મોટો ઢગલો હતો, ઝુપડાથી ઉત્તર પુર્વ આશરે ૧૧ કુટ ૫ ઇંચના અંતરે રતાશ પડતા ડાધાવાલા સિમેન્ટના પતરાના ટુકડા તથા એખ પત્થર હતો, જે ઢાંકણાનુ પ્રાથમિક પરીક્ષણ કરતા રુધિર હોવાનુ જણાયેલ, ઝુપડાથી દક્ષિણ દિશામા અને રેલવે ટ્રેકથી પશ્ચિમે ૧૦૬ કુટના અંતરે ખુલ્લા ગ્રાઉન્ડમા ઇંટની દીવાલ પાસે પેપરડીશ હતી, જેના ઉપર રતાશ પડતા ડાધા હતા જેનુ તેઓએ પ્રાથમિક પરીક્ષણ કરતા રુધિર હોવાનુ જણાયેલ હતુ. આના આધારે નીચે મુજબના સુચના આપેલી. (૧) મરણજનારનુ મુત્યુનુ ચોક્કસ કારણ પ્રકાર, સમયનુ પેનલ ટીએમ કરાવવાની જાણ કરેલી (૨) મરણજનારની ઓળખ માટે જરૂરી ડી.એન.એ. સેમ્પલ અધિકારી પાસેથી મેળલવા (૩) બનાવના વપરાયેલ હથિયાર મળી આવ્યેથી એફ.એસ.એલ.સુરત ખાતે મોકલવા (૪) મરણજનાર બોડી ઉપરથી બળેલ કપડાના અવશેષો મળી આવે તો જરૂરી પરીક્ષણ અર્થે એફ.એસ.એલ.ખાતે મોકલવા (૫) ઝુપડામાથી મળી આવેલ બળેલ અર્ધ બળેલ કપડા તથા મેશયુક્ત પત્થર ને વધુ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ.મોકલવા સુચન કરેલ. (૬) મેડીકલ ઓફિસરને લાગુ પડતા સેમ્પલો એફ.એસ.એલ.ખાતે મોકલવા સુચન કરેલ. આ બાબતે તેઓએ સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરેલ જે અહેવાલ નિ. ૪/૯ થી રજુ હોય તે જોઈને જણાવેલ કે તે તેઓના હસ્તાક્ષરમા છે તેમા તેઓની સહી અને હોદ્દો લખેલ છે તે ઓળખી બતાવી આંક–૬૨ થી રજૂ કરેલ. જે અહેવાલ તેઓએ પો.ઈન્સ.શ્રી ચૌધરી સાહેબને આપેલ અને તે અહેવાલમા તેઓએ તેમની સહી લીધલ તે ઓળખી

બતાવેલ. તેઓને નિ.૬૦/૨ ગુનાવાળી જગ્યાએ પરીક્ષણ કરવા બાબતની કાર્બન પત્ર બતાવતા તેમાં પો.ઈન્સ.શ્રી ચૌધરી સાહેબની સહી છે અને રીસીવ તરીકે તેઓએ સહી કરેલી તે ઓળખી બતાવી આંક–૬૩ થી રજૂ કરેલ.

સદર સાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, યાદી તેઓને સ્થળ ઉપર મળેલી હતી, તેઓએ યાદીનો અભ્યાસ કરેલ હતો, યાદીમા બનાવ અંગેનુ ટુંકી વિગત લખેલ હતી, બનાવવાળી જગ્યાને આજુબાજુ પટ્ટીથી કોર્ડન કરેલ નહી, પોલીસ સ્ટાફ હાજર હતો, સ્થળ ઉપર ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી ચાલુ હતી કે કેમ તે હાલ તેઓ ચોક્કસ કહી શકે નહી, બનાવવાળી જગ્યાની આજુબાજુથી પબ્લીક જઈ શકે તેવો રસ્તો છે, તેઓએ આપેલ સુચનોનુ પાલન થયેલ છે કે કેમ તે તેઓ હાલ કહી શકે નહી.

(૨૪) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૬૪ થી સાહેદ નં.૨૨ સુર્યનાથ રામનયન મિશ્રાને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ સરતપાસમાં જણાવે છે કે, તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ સુરત રેલવે પો.સ્ટે.મા હે.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓની ફરજનો સમય સવારના ૮.૦૦ થી ૨૦.૦૦ સુધીની હતી તે દરમ્યાન કલાક ૧૩.૧૫ વાગ્યે એલ.સી.બી.ના હે.કો.ગંભીરસિહ ધીરુભાનાઓ વોન્ટેડ આરોપીઓને પકડી તેઓની પાસે બે આરોપીને લાવી રજુ કરેલ, તેમા એક આરોપી સાગર અનિલ બાગલે અને બીજો કાયદાના સંઘર્ષમા આવેલ બાળકિશોર હતા જે તેઓને સુપ્રત કરેલ તેની તેઓએ સ્ટેશન ડાયરીમા નોંધ કરેલ જે સ્ટે.ડાયરીના ઉતારીની ખરીનકલ તેઓ લાવેલ જે સ્ટે.ડાયરીનો અનુક્રમ નં. ૧૮ કલાક ૧૩.૧૫ વાગ્યે આરોપીની વિગતવારની નોધ સ્ટે.ડાયરીમા કરેલ અને કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઈન્સ.શ્રી. કે.એમ.ચૌધરી તરફ મોકલી આપેલ જે સ્ટે.ડાયરીના ઉતારીની ખરીનકલ તેઓ લાવેલ જે આંક–૬૫ થી રજૂ કરેલ.

સદર સાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ સ્ટે. ડાયરીમાં નોંધ કર્યા સિવાય બીજી કોઈ કાર્યવાહી તેઓએ આ કામમાં કરૈલ નથી, આ આરોપીઓને એલ.સી.બી. વાળા ક્યાંથી અને કેવીરીતે લઈને આવેલા તે અંગે તેઓને કોઈ જાત માહિતી નથી.

(૨૫) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૬૭ થી સાહેદ નં.૨૩ રાકેશભાઈ રમેશભાઈ વાઘને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ સરતપાસમાં જણાવે છે કે, તેઓ મજુરીકામ કરે છે. તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ તેઓ ૩૮ નંબર ભીમનગર આવાસ, ઉધના ખાતે ઉભા હતા. સુરત રેલવે પો.સ્ટે.ના માણસો આવેલા અને તેમણે તેઓનુ નામ–સરનામુ પુછેલુ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર સાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત તેઓનુ નામ સરનામુ પુછેલુ, પોલીસને તેઓએ કોઈ હકીકત જણાવેલ હોય અને તેઓએ પોલીસને લખાવેલ હોય તેવુ બનેલ નથી, પોલીસ સાથે તેઓને જવાનો પ્રસંગ બનેલ નથી, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૨૬) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૬૮ થી સાહેદ નં.૨૪ આકાશભાઈ મોહનભાઈ બાવીસ્કરને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ તેઓ ઘરે હતા. સુરત રેલવે પો.સ્ટે.ના માણસો આવેલા અને તેમણે તેઓનુ નામ–સરનામુ પુછેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર સાહેદને વિમુખ જાહેર

કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર સાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત તેઓનુ નામ સરનામુ પુછેલુ, પોલીસને તેઓએ કોઈ હકીકત જણાવેલ હોય અને તેઓએ પોલીસને લખાવેલ હોય તેવુ બનેલ નથી, પોલીસ સાથે તેઓને જવાનો પ્રસંગ બનેલ નથી, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૨૭) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૬૯ થી સાહેદ નં.૨૫ ઉષાબેન ભીમા પવારને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ સરતપાસમાં જણાવે છે કે, તેઓ ઘરકામ કરે છે. પોલીસના માણસો આવેલ અને તેઓનુ નામ સરનામુ લખી ગયેલા, સુરત રેલવે પો.સ્ટે.ના માણસો આવેલા અને તેમણે તેઓનુ નામ–સરનામુ પુછેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર સાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત તેઓનુ નામ સરનામુ પુછેલુ, પોલીસને તેઓએ કોઈ હકીકત જણાવેલ હોય અને તેઓએ પોલીસને લખાવેલ હોય તેવુ બનેલ નથી, પોલીસ સાથે તેઓને જવાનો પ્રસંગ બનેલ નથી, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૨૮) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૭૦ થી સાહેદ નં.૨૬ પલ્લવીબેન સાગર બાગલેને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૦૨/૦૧/૨૦૨૧ ના રોજ

તેઓના લગ્ન આોરપી સાગર બાગલે સાથે થયેલ હતા અને ભીમનગર પાસે રહેતા હતા. તેઓના પતિ આરોપી સાગર મારા મારીના કેસમા જેલમા છે. આરોપી સાગર તેઓના પતિ થાવ છો. પોલીસે તેઓનુ નિવેદન લીધેલ.

વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા સદર સાહેદને વિમુખ જાહેર કરવાની વિનંતી કરતા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ અને વિ. એ.પી.પી. ને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ, પરંતુ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

સદર સાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત તેઓનુ નામ સરનામુ પુછેલુ, પોલીસને તેઓએ કોઈ હકીકત જણાવેલ હોય અને તેઓએ પોલીસને લખાવેલ હોય તેવુ બનેલ નથી, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૨૯) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૭૧ થી સાહેદ નં.૨૭ તપાસ કરનાર અમલદાર બળવંતભાઈ રણછોડભાઈ ડાંગીને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ સરતપાસમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૨૧ મા સુરત રેલવે પો.સ્ટે.મા પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન સુરત રેલવે પો.સ્ટે. પાર્ટ– એ–૧૧૨૧૨૦૫૧૨૧૦૧૫૫/૨૦૨૧, ઇ.પી.કો. કલમ–૩૦૨,૨૦૧,૧૨૦ (બી),૩૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબની તપાસ પી.આઇ.શ્રી એ.એમ.ચૌધરીનાઓ કરતા હતા તેમની આ તપાસ તેમણે તેઓને સોંપેલી જેમા મરણજનારના પિતા ડગડુભાઈ રાજારામ મોરે તથા માતા શાંતાબેન ડગડુભાઈ રાજારામ મોરે તથા સોનલબેન રાકેશભાઈ ઢાંગરેકર, તથા બનેવી રાકેશભાઈ દિલીપભાઈ ઢાંગરેકર તથા આરોપી સાગર બાગલેનાઓની પત્ની નામે પલ્લવીનાઓના નિવેદનો લેવામા આવેલ. ગુનાવાળી જગ્યાની આજુબાજુ સીસીટીવી કેમેરાની પેન ડ્રાઈવ તેઓને મળતા

એફ.એસ.એલ.મા તપાસ અર્થે મોકલવામા આવેલ તથા રીમાન્ડ ઉપરના આરોપી સાગર બાગલે નાઓના રિમાન્ડ પુરા થતા કસ્ટડી યાદી સાથે નામ.કોર્ટમા રજુ કરેલ અને કાયદના સંઘર્ષમા આવેલ બાળકિશોર ને પણ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ રજુ કરેલ. ત્યારબાદ આગળની તપાસ પો.ઈન્સ.શ્રી કે.એમ.ચૌધરી સાહેબને સુપ્રત કરેલ. તેઓને આંક–૪૮ સીસીટીવી ફુટેજ કબજે કર્યા અંગેનુ અસલ પંચનામુ બતાવતા તેમાં બે પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવેલ. તેઓને આંક–૪૯ ની પંચસ્લીપ બતાવતા તેમા બે પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવેલ. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં. ૧૯ એક લીલા કવરમા સ્ટેપ્લરમા મારેલ છે જે નામદાર કોર્ટની પરવાનગીથી તથા વિ.એપીપીશ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની હાજરીમાં ખોલી તેમાંથી એક સફેદ કવર સ્ટેપ્લર મારેલ છે તે વિ.એપીપીશ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની હાજરીમાં ખોલી તેમાથી એક કાળા કલરની સેનડીસ્ક કંપનીની પેન ડ્રાઈવ નીકળેલ છે અને તેની સાથે ત્રણ ફોટા નીકળેલ છે તેમાથી નીકળેલ પેનડ્રાઈવ તથા ફોટોઓ તેઓએ પંચનામુ કરી કબજે કરેલ જે ઓળખી બતાવેલ.

સદર સાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી નથી કે, તેઓએ સીસીટીવી ફુટેજ કબજે કર્યા સિવાયની બીજી કોઈ કામગીરી આ કામમા કરેલ નથી, આ બનાવવાળી જગ્યા રેલવે ફાટકને અડીને આવેલ છે, તેઓ સુરત રેલવે પો.સ્ટે.મા આશરે દોઢેક વર્ષ ફરજ બજાવેલ છે, અવાર નવાર ટ્રેન અકસ્માત થતા પણ કેટલાક લોકો મરણ ગયેલ છે તપાસ પણ કરેલ છે, બનાવવાળી જગ્યા પાસે કોઈ સીસીટીવી ફુટેજ તેઓની તપાસ દરમ્યાન મળી આવેલ નથી, હાલના આરોપી ની મરણજનાર આ બનાવ પહેલા કોઈ ઝઘડો થયેલ હોય અને તે બાબતની ફરીયાદ નોંધાયેલ હોય તેવી કોઈ હકીકત તેઓની તપાસમા ખુલેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપીની પત્ની સાથે અને

મરણજનારનો અનૈતિક સબંધ હોવાનુ તેઓની તપાસમા ખુલેલ હતુ, તેઓની તપાસ દરમ્યાન આરોપીની પત્ની અને મરણજનાર વચ્ચે અનૈતિક સબંધ બાબતે કોઈ મેસેજ આપ–લે થયેલ હોય તેવી ચેટ કે બીજા કોઈ લખાણ મળી આવેલ નથી. તેઓએ ફરીયાદનો અભ્યાસ કરેલ હતો, કહેવાતી ફરીયાદ પાંચ દિવસ બાદ આપવામા આવેલ છે, આ કામે તેઓએ કોઈ મીસીંગ થયાની ફરીયાદ આ કામે કબજે કરેલ નથી, ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી, બનાવ પહેલા આરોપી અને મરણજનાર સાથે ગયેલ હોય તેવા કોઈ સ્વતંત્ર સાહેદ તેઓની તપાસ દરમ્યાન મળી આવેલ નથી, બનાવ બનેલ ત્યારે કોવિડ–૧૯ ચાલતો હતો તેથી કર્ફ્યુ ની સ્થિતિ હતી, તે દિવસે લોકોને બહાર નીકળવા પર પ્રતિબંધ હતો, કમીશ્નરશ્રી ના આદેશ મુજબ ઠેરઠેર ચેક પોસ્ટ પર પોલીસ તહેનાત હતી, આ સમય દરમ્યાન આરોપી અને મરણજનાર સુરત શહેરમા ફરતા હોય અને તેમની અટકાયત કરવામા આવેલ હોય તેવુ બનેલ નથી, લાશ બિનવારસી હાલતામા મળી આવેલ હતી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પાછળથી ઓળખાયેલ હતી, એ વાત ખરી છે કે, જે જગ્યા પરથી લાશ મળી આવેલ તે જગ્યા અવાવળી જગ્યા હતી.

(૩૦) સદર કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૭૩ થી સાહેદ નં.૨૮ તપાસ કરનાર અમલદાર કનુભાઈ મહાદેવભાઈ ચૌધરીને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૨૧મા તેઓ સુરત રેલવે પો.સ્ટે.મા પો.ઈન્સ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૭/૦૩/૨૦૨૧ ના રોજ ખાનગી બાતમીદારથી માહીતી મળેલ કે ઉધના રેલવે સ્ટેશન ભીમનગર પાસે રેલવેની હદમા ઝુપડામા કોઈ લાશ દાંટેલી છે તેથી બે પંચો સાથે તથા એક્જીક્યુટીમે મેજીસ્ટ્રેટ તથા એફ.એસ.એલ.અધિકારીને સાથે રાખી બનાવવાળી જગ્યાએ જઈ મજુરો દ્વારા બાતમીવાળી જગ્યાએ ખોદકામ કરાવતા કુંડીમાથી કોહવાય ગયેલ હાલતમા લાશ મળેલ.

કામગીરી ચાલુ હતી તે દરમ્યાન મરણજનારના ભાઈ સ્થળ ઉપર આવતા તેમણે પોતાના ભાઈની લાશ ઓળખી લીધેલી, બાદ પંચો રૂબરૂ લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ ભરેલુ. પી.એમ. માટે સીવીલ હોસ્પિટલ રવાના કરેલ. બાદ મરણજનારના ભાઈ વૈભવ ડગડુભાઈ મૌરેનાઓની તેઓના રુબરુની ઈ.પી.કો.કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) તથા કલમ–૩૪ મુજબનુ વિગતવારની ફરીયાદ લઈ ગુનો રજીસ્ટર કરી વધુ તપાસ તેઓએ સંભાળી લીધેલી. બાદ આ કામે લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તથા આરોપીઓ શોધવા માટે પોલીસ સ્ટેશન ટાસ્ક તથા એલ.સી.બી.ને કામે લગાડેલ. બાદ આ કામે એલ.સી.બી. સ્ટાફે આરોપી સાગર બાગલે તથા કાયદાના સંઘર્ષમા આવેલ બાળકિશોરને પોલીસ સ્ટેશના લાવી રજુ કરેલ હોય આરોપી સાગર બાગલેનુ શરીરસ્થિતિ તથા અટક પંચનામુ બે પંચો રુબરુ કરવામા આવેલુ જે આંક–૩૪ થી રજુ છે તે જોઈને જણાવેલ કે, તેમા બે પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવેલ. બાદ કોવિડ–૧૯ નો રિપોર્ટ નેગેટિવ આવતા આરોપી સાગર બાગલેની ધરપકડ કરવામા આવેલી. તેમજ કાયદાના સંઘર્ષમા આવેલ બાળકિશોરને તેના માતા પિતા સાથે રાત્રે તેના ઘરે જવા દઈ બીજા દિવસે બોલાવી ડીટેઈન કરવામા આવેલ. બાદ આ કામે બે પંચો રુબરુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવામા આવેલ જે પંચનામુ આંક–૧૮ થી રજુ છે જેમા તેઓની, બે પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવેલ. ત્યાથી બનાવવાળી જગ્યાએથી મુદ્દામાલ કબજે કરેલ જેમા બંને પંચો અને રુબરુ તરીકે તેઓએ સહીઓ કરેલ જે કાપલીઓ આંક–૧૯ થી ૨૪ તેઓને બતાવતા તેમા બંને પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવેલ. પી.એમ. દરમ્યાન ડોક્ટરશ્રીએ આપેલ વીશેરાનુ બે પંચો રુબરુ વિગતવારનુ પંચનામુ કરવામા આવેલુ જે આંક–૨૭ રજુ છે તે જોઈને જણાવેલ કે, તેમા બે પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવેલ. આરોપીના

બ્લડ સેમ્પલ કબજે કર્યાનુ અસલ પંચનામુ બતાવતા તે આંક-૩૧ થી રજુ છે તે જોઈને જણાવેલ કે, તેમા બે પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવેલ. મરણજનારના પિતાનુ બ્લડ સેમ્પલ પંચોની રુબરુ પંચનામુ કરી કબજે કરવામા આવેલ જે પંચનામુ આંક-૩૮ થી રજુ છે તે જોઈને જણાવેલ કે, તેમા બે પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવેલ. બાદ આરોપીના નામ.કોર્ટથી રિમાંડ મેળવી તમો આરોપી સ્વૈચ્છિક ગુનો કઈ રીતે કરેલાનુ બતાવવા તૈયાર હોય બે પંચો રુબરુ ગુનાનુ રીકન્ટ્રકંશન કરવામા આવેલ જે પંચનામુ કરેલ જે આંક-૪૧ થી રજુ છે તે જોઈને જણાવેલ કે, તેમા બે પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવેલ અને ત્યા જગ્યા ઉપરથી સિમેન્ટ ક્રોકીટના ત્રણ ટુકડાઓ લોહીવાળા હતા તે પંચો રુબરુ સીલ કરી તેમા પંચોની અને તેઓની સહીવાળી કાપલી મુકી તપાસ અર્થે કબજે લીધેલ જે કાપલી આંક-૪૨ થી રજુ છે તેમા બે પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે. બાદ બે પંચો રુબરુ આરોપીના ઘરનુ પંચનામુ કરવામા આવેલુ જે આંક-૪૫ થી રજુ છે તેમા બે પંચોની અને રુબરુ તરીકે તેઓની સહી છે. તેઓ તપાસ દરમ્યાન આરોપી સાગર બાગલેની કોલ ડીટેઈલ મેળવી તપાસના કામમા સામેલ રાખેલ તે નિ.૪/૧૫ થી રજુ છે તે ઓળખી બતાવી બતાવી આંક-૭૪ થી રજૂ કરેલ. બાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા તેમજ મુદ્દામાલ કબજે કરેલ તેની રવાનગી નોંધ તૈયાર કરી પરીક્ષણ માટે મોકલી આપેલ તે રિપોર્ટ આવતા કામમા સામેલ રાખેલ. તેઓને નિ.૪/૧૭ રવાનગી નોંધ બતાવતા તેમા તેઓની સહી છે તે ઓળખી બતાવી આંક-૭૫ થી રજૂ કરેલ. તેઓને નિ.૪/૧૮ એફ.એસ.એલ.ની પહોંચ બતાવતા તેમા એફ.એસ.એલ.અધિકારીની સહી છે તે ઓળખી બતાવી આંક-૭૬ થી રજૂ કરેલ. તેઓને નિ.૪/૧૬ પોલીસ કમીશ્નરના જાહેરનામાની નકલ બતાવતા તેમા પોલીસ કમીશ્નરશ્રી અજય તોમર સાહેબ સહી

છે તે ઓળખી બતાવી આંક–૭૭ થી રજૂ કરેલ. તપાસના કાગળોમા મુદ્દામાલ તપાસ રવાનગી નોંધ પી.આઈ.ડાંગીએ તૈયાર કરી એફ.એસ.એલ.મા મોકલી આપેલ જે રવાનગી નોંધ નિ. ૪/૧૯ તેઓને બતાવતા તેમા બી.આર.ડાંગી સાહેબની સહી છે તે ઓળખી બતાવી આંક–૭૮ થી રજૂ કરેલ. તેઓને નિ.૪/૨૦ એફ.એસ.એલ. અધિકારીને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ બતાવતા જેમા એફ.એસ.એલ.અધિકારીની સહી છે તે ઓળખી બતાવી આંક–૭૯ થી રજૂ કરેલ. તેઓને નિ.૪/૨૧ એફ.એસ.એલ.અધિકારીને પેન ડ્રાઈવ અંગેનો રિપોર્ટ બતાવતા જેમા એફ.એસ.એલ.અધિકારીએ આપેલ રિપોર્ટ અને તેમને આપેલ એવીડન્સ એક્ટની કલમ–૬૫–બી (૪)(સી) નુ પ્રમાણપત્ર બતાવતા તેમા એફ.એસ.એલ.અધિકારીની સહી છે તે ઓળખી બતાવી આંક–૮૦ થી રજૂ કરેલ. તેઓને નિ.૫૪/૧ આરોપી સાગર બાગલેનો ઍરેસ્ટ મેમો બતાવતા જેમા તેઓની સહી છે તે ઓળખી બતાવી આંક–૮૧ થી રજૂ કરેલ. તેઓને નિ.૫૪/૩ આરોપી સાગર બાગલેને અટક કર્યા અંગેનો લખેલ પત્ર બતાવતા જેમા તેઓની સહી છે તે ઓળખી બતાવી આંત–૮૨ થી રજૂ કરેલ. તેઓને આંક–૬૩ એફ.એસ.એલ.અધિકારીશ્રીને સ્થળ પરીક્ષણ કરવા લખેલ યાદી બતાવતા તેમા તેઓની સહી છે તે ઓળખી બતાવેલ. તેઓને નિ.૬૦/૩ ગુનાના સ્પેશ્યલ રિપોર્ટ બતાવતા તેમા તેઓની સહી છે તે ઓળખી બતાવી આંક–૮૩ થી રજૂ કરેલ. તેઓને આંક–૫૨ ની અસલ ફરીયાદ બતાવતા જેમા ફરીયાદી વૈભવ રાજારામ ડગડુભાઈ મોરેની સહી છે અને રુબરુ તરીકે તેઓની સહી છે તે ઓળખી બતાવેલ. બાદ આ કામે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં. ૧ એક સિમેન્ટ રેતીવાળા પત્થર તે કાપડની થેલીમા છે તે તેઓએ તપાસના કામમા કબજે કરેલ તે જ છે તે ઓળખી બતાવેલ. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં. ૨ એક અર્ધ બળેલ કાપ઼ડનો ટુકડો છે તે

બતાવતા તેઓએ તપાસના કામમા કબજે કરેલ તે જ છે તે ઓળખી બતાવેલ. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં. ૩ એક અર્ધ બળેલ કાપ્ડનો ટુકડો છે તે બતાવતા તેઓએ તપાસના કામમા કબજે કરેલ તે જ છે તે ઓળખી બતાવેલ. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં. ૪ ત્રણ સિમેન્ટના ટુકડા તે બતાવતા તેઓએ તપાસના કામમા કબજે કરેલ તે જ છે તે ઓળખી બતાવેલ. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં. ૫ એક પત્થર તે બતાવતા તેઓએ તપાસના કામમા કબજે કરેલ તે જ છે તે ઓળખી બતાવેલ. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં. ૬ એક પેપર ડીશ છે તે બતાવતા તેઓએ તપાસના કામમા કબજે કરેલ તે જ છે તે ઓળખી બતાવેલ. તેઓને મુદ્દામાલ આર્ટિકલ નં.૧૮ એક સફેદ કાપડની બેગીમા ત્રણ સિમેન્ટના ક્રોક્રીટના ટુકડાઓ છે તે બતાવતા તેઓએ તપાસના કામે કબજે કરેલ તે જ છે તે ઓળખી બતાવેલ. સાહેદ રાકેશભાઈ રમેશભાઈ વાઘનાઓએ તેઓ રુબરુના નિવેદનમા એવી હકીકત જણાવેલ કે " ગઈ તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ રાત્રીના નવેક વાગ્યાના અરસામા હુ તથા અમારા મહોલ્લામા રહેતો મારા મિત્ર નામે આકાશ સન ઓફ મવન બાવીસ્કર અમો બંન્ને જણા ભીમનગર આવાસની પાછળ આવેલ કમ્પાઉન્ડ તરફ ટોયલેટ કરવા સારૂ જતા હતા તે વખતે બી.આર.સી. કંપનીના કમ્પાઉન્ડ હોલ પાછળથી બચાવ–બચાવ એવી બુમો મને તથા મારા મિત્ર આકાશને સંભળાવતા હુ તથા મારો મિત્ર આકાશ અમો બંને જણાએ કમ્પાઉન્ડ દીવાલ પાછળ જઈ થોડે દુર ઉભા રહી જોતા ત્યા આગળ આ મરણજનાર ઈસમને સાગર બાગલે ચપ્પુ વડે ઘા મારી રહેલ હતો અને આ મરણજનાર ઈસમ નીચે પડી જતા કાયદાના સંઘર્ષ આવેલ કિશોરે મરણજનારના માથા ઉપર પત્થર વડે ઘા કરી રહેલ હતો તે દરમ્યાન અચાનકર સાગર બાગલે અને તેની સાથે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરે મને તથા મારા મિત્ર આકાશને જોઈ જતા, સાગર બાગલેએ અમો બંને જણાને બુમો મારીને કહેલ કે " તુમ દોનો યહાં સે ભાગ જાઓ નહી તો તુમ દોનોકો ભી સામાન ગુસેડ દુંગા

કીસીકો બતાના મત" તેથી હુ તથા મારો મિત્ર આકાશ અમો બંને જણા ગભરાઈ ગયેલ અને ત્યાંથી ભાગી જઈ મારા મિત્ર આકાશ જે બિલ્ડીંગમા રહે છે તે બિલ્ડીંગના છત ઉપર જતા રહેલ હતા અને ત્યાંથી આ સાગર બાગલે અને કાયદના સંઘર્ષમા આવેલ કિશોર શુ કરે છે? તે જોતા હતા ત્યારે અડધો–પોણો કલાક પછી આ બંને જણા આ મરણજનાર ઈસમને ઉચકીને ભીમનગર આવાસની પાછળ રેલવે ટ્રેકની પાસે આવેલ પતરાવાળા ઝુંપડાની અંદર લઈ જઈ સિમેન્ટની કુંડીની અંદર નાંખી દઈ તે કુંડીમા માટી નાંખીને ભરી દીધેલ જે હુ તથા મારો મિત્ર આકાશ અમો બંને જણાએ આ બધુ બિલ્ડીંગના છત ઉપરથી જોઈ રહેલ હતા, પરંતુ આ સાગર બાગલે તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર બે કલાક સુધી આ ઝુંપડામાથી બહાર નહી નીકળતા અમો બંને જણા બિલ્ડીંગના છત ઉપરથી નીચે ઉતરી આકાશના રૂમ ઉપર જઈ ઉંઘી ગયેલ હતા, અમો બંને જણાને મારી નાંખવાની ધમકી આપેલ હોવાથી, અમો ખુબજ ગભરાઈ ગયેલ હોવાથી જે–તે વખતે અમોએ આ બનાવની કોઈને પણ જાણ કરેલ ન હતી અને આજરોજ આપ સાહેબના પાસે આવી ઉપરોકત બનાવની હકીકત જણાવી અમો બંને જણાએ ભીમનગર આવાસની પાછળ રેલવે ટ્રેકની પાસે આવેલ ઝુંપડાની અંદર જ્યાં લાશ દાંટેલ હતી તે જગ્યા આપ સાહેબ, મેજીસ્ટ્રેટ સાહેબ તથા એફ.એસ.એલ.અધિકારી તથા પંચોની હાજરીમા બતાવતા તે જગ્યાને મજુરો વડે ખોદકામ કરાવી સિમેન્ટની કુંડીના તળીયાના ભાગેથી તે ઈસમની લાશ બહાર કાઢતા તે સળગેલી હાલતમા મળેલ હતી અને અત્રે હાજર ઈસમ નામે વૈભવ સન ઓફ દગડુભાઈ રાજારામ મોરે રહે.ડીંડોલી,નવાગામ,સુરત ને લાશ બતાવતા તેને આ મરણજનાર ઈસમના ડાબા કાનમા પહેરેલ કાળા કલરની બુટ્ટી તથા તેના વાળની સ્ટાઈલ જોતા આ ડેડ બોડી પોતાના મોટા ભાઈ અજય દગડુ મોરેની લાશ હોવાનુ જણાવતા તે લાશ તેના મોટા ભાઈ અજયની હોવાનુ કહીને આપ સાહેબ મેજીસ્ટ્રેટ સાહેબ,

એફ.એસ.એલ.અધિકારી તથા પંચોની હાજરીમાં ઓળખી બતાવેલ છે, તે પછી આ વૈભવે અમો બંને જણાને તેના મોબાઈલમાથી રેકોર્ડીંગ બતાવીને પુછપરછ કરતા અમો બંને જણાએ તેને જણાવેલ કે આ બાઈક ચલાવનાર સાગર બાગલે તથા પાછળ ત્રીજો બેઠેલ ઈસમ કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર છે, અને તેઓ બંને આ વચ્ચે બેઠેલ છોકરાને ઉધના ભીમનગર આવાસની બાજુમા આવેલ બી.આર.સી.ના ખુલ્લા કમ્પાઉન્ડમા દીવાલની પાછળની ભાગે ચપ્પુ તથા પત્થર વડે તા.૨૨/૦૩/૨૦૨૧ ની રાતના નવેક વાગ્યાની આસપાસ મારેલ હતો તે પછી સાગરે અમો બંનેને ધમકી આપતા પોતે જતા રહેલા અને ભીમનગર આવાસની બિલ્ડીંગ ઉપર જઈને જોયેલુ ત્યારે તે ઈસમને ઉચકીને રેલવે હદના ઝુંપડામા લઈ ગયેલ હતા તેવી હકીકત અમો બંને જણાએ વૈભવને જણાવેલી હતી." સાહેદ આકાશભાઈ મોહનભાઈ બાવીસ્કર નાઓએ તેઓ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ કે "ગઈ તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ રાત્રીના નવેક વાગ્યાના અરસામા હુ તથા અમારા મહોલ્લામા રહેતો મારા મિત્ર નામે રાકેશ અમો બંન્ને જણા ભીમનગર આવાસની પાછળ આવેલ કમ્પાઉન્ડ તરફ ટોયલેટ કરવા સારૂ જતા હતા તે વખતે બી.આર.સી. કંપનીના કમ્પાઉન્ડ હોલ પાછળથી બચાવ-બચાવ એવી બુમો મને તથા મારા મિત્ર રાકેશને સંભળાવતા હુ તથા મારો મિત્ર રાકેશ અમો બંને જણાએ કમ્પાઉન્ડ દીવાલ પાછળ જઈ થોડે દુર ઉભા રહી જોતા ત્યા આગળ આ મરણજનાર ઈસમને સાગર બાગલે ચપ્પુ વડે ઘા મારી રહેલ હતો અને આ મરણજનાર ઈસમ નીચે પડી જતા કાયદાના સંઘર્ષ આવેલ કિશોરે મરણજનારના માથા ઉપર પત્થર વડે ઘા કરી રહેલ હતો તે દરમ્યાન અચાનકર સાગર બાગલે અને તેની સાથે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરે મને તથા મારા મિત્ર રાકેશને જોઈ જતા, સાગર બાગલેએ અમો બંને જણાને બુમો મારીને કહેલ કે " તુમ દોનો યહાં સે ભાગ જાઓ નહી તો તુમ દોનોકો ભી સામાન ગુસેડ દુંગા કીસીકો બતાના મત" તેથી હુ તથા

મારો મિત્ર રાકેશ અમો બંને જણા ગભરાઈ ગયેલ અને ત્યાંથી ભાગી જઈ મારા મિત્ર રાકેશ જે બિલ્ડીંગમા રહે છે તે બિલ્ડીંગના છત ઉપર જતા રહેલ હતા અને ત્યાંથી આ સાગર બાગલે અને કાયદના સંઘર્ષમા આવેલ કિશોર શુ કરે છે? તે જોતા હતા ત્યારે અડધો–પોણો કલાક પછી આ બંને જણા આ મરણજનાર ઈસમને ઉચકીને ભીમનગર આવાસની પાછળ રેલવે ટ્રેકની પાસે આવેલ પતરાવાળા ઝુંપડાની અંદર લઈ જઈ સિમેન્ટની કુંડીની અંદર નાંખી દઈ તે કુંડીમા માટી નાંખીને ભરી દીધેલ જે હુ તથા મારો મિત્ર આકાશ અમો બંને જણાએ આ બધુ બિલ્ડીંગના છત ઉપરથી જોઈ રહેલ હતા, પરંતુ આ સાગર બાગલે તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર બે કલાક સુધી આ ઝુંપડામાથી બહાર નહી નીકળતા અમો બંને જણા બિલ્ડીંગના છત ઉપરથી નીચે ઉતરી મારા રૂમ ઉપર જઈ ઉંઘી ગયેલ હતા, અમો બંને જણાને મારી નાંખવાની ધમકી આપેલ હોવાથી, અમો ખુબજ ગભરાઈ ગયેલ હોવાથી જે–તે વખતે અમોએ આ બનાવની કોઈને પણ જાણ કરેલ ન હતી અને આજરોજ આપ સાહેબના પાસે આવી ઉપરોકત બનાવની હકીકત જણાવી અમો બંને જણાએ ભીમનગર આવાસની પાછળ રેલવે ટ્રેકની પાસે આવેલ ઝુંપડાની અંદર જ્યાં લાશ દાંટેલ હતી તે જગ્યા આપ સાહેબ, મેજીસ્ટ્રેટ સાહેબ તથા એફ.એસ.એલ.અધિકારી તથા પંચોની હાજરીમા બતાવતા તે જગ્યાને મજુરો વડે ખોદકામ કરાવી સિમેન્ટની કુંડીના તળીયાના ભાગેથી તે ઈસમની લાશ બહાર કાઢતા તે સળગેલી હાલતમા મળેલ હતી અને અત્રે હાજર ઈસમ નામે વૈભવ સન ઓફ દગડુભાઈ રાજારામ મોરે રહે.ડીંડોલી,નવાગામ,સુરત ને લાશ બતાવતા તેને આ મરણજનાર ઈસમના ડાબા કાનમા પહેરેલ કાળા કલરની બુટ્ટી તથા તેના વાળની સ્ટાઈલ જોતા આ ડેડ બોડી પોતાના મોટા ભાઈ અજય દગડુ મોરેની લાશ હોવાનુ જણાવતા તે લાશ તેના મોટા ભાઈ અજયની હોવાનુ કહીને આપ સાહેબ મેજીસ્ટ્રેટ સાહેબ, એફ.એસ.એલ.અધિકારી તથા પંચોની હાજરીમાં ઓળખી

બતાવેલ છે, તે પછી આ વૈભવે અમો બંને જણાને તેના મોબાઈલમાથી રેકોર્ડીગ બતાવીને પુછપરછ કરતા અમો બંને જણાએ તેને જણાવેલ કે આ બાઈક ચલાવનાર સાગર બાગલે તથા પાછળ ત્રીજો બેઠેલ ઈસમ કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર છે, અને તેઓ બંને આ વચ્ચે બેઠેલ છોકરાને ઉધના ભીમનગર આવાસની બાજુમા આવેલ બી.આર.સી.ના ખુલ્લા કમ્પાઉન્ડમા દીવાલની પાછળની ભાગે ચપ્પુ તથા પત્થર વડે તા.૨૨/૦૩/૨૦૨૧ ની રાતના નવેક વાગ્યાની આસપાસ મારેલ હતો તે પછી સાગરે અમો બંનેને ધમકી આપતા પોતે જતા રહેલા અને ભીમનગર આવાસની બિલ્ડીંગ ઉપર જઈને જોયેલુ ત્યારે તે ઈસમને ઉચકીને રેલવે હદના ઝુંપડામા લઈ ગયેલ હતા તેવી હકીકત અમો બંને જણાએ વૈભવને જણાવેલી હતી." સાહેદ ઉષાબેન ભીમાભાઈ પવાર નાઓએ તેઓ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ કે "ગઈ તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ રાત્રીના નવેક વાગ્યાના અરસામા અમારા ઘરની બહાર બેઠા હતા તે વખતે રેલવે ટ્રેકની સામેના ભાગે આવેલ ભીમનગર વસાહતની દીવાલ આગળ પતરાવાળા ઝુપડાની પાછળ જોર જોરથી બચાવ બચાવની બુમા બુમ થતા હુ મારા ઘરની આગળ આવેલ રેલવે ટ્રેકની નજીક આવી જોતા ત્યા આગળ સાગર બાગલે તથા સોનુ વાઘ એક ઈસમ સાથે ઝધડો કરતા મારા જોવામા આવેલ હતા અને થોડીવાર પછી હુ મારા ઘરની અંદર જતી રહેલી હતી ત્યારબાદ તા.૨૭/૦૩/૨૦૨૧ ના રોજ આપ સાહેબનાઓ અત્રે ભીમનગર આવાસની પાછળ આવેલ રેલવે ટ્રેકની બાજુમા પતરાવાળા ઝુપડામાથી દાટેલ એક ઈસમની લાશ કાઢતા મે તથા મારા મહોલ્લાના એકઠા થયેલ માણસોએ જોયેલ છે અને અમો તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ રાત્રીના નવેક વાગ્યાના સુમારે અમારા ઘરે હાજર હતાત્યારે રેલવે ટ્રેકની સામેની બાજુએ આવેલ ભીમનગર આવાસની પાછળ આવેલ પતરાવાળા ઝુપડા પાછળ સાગર બાગલે તથા સોનુ વાઘ આ બંને જણા એક ઈસમ

સાથે મારા મારી તથા ઝઘડો કરતા હતા તે મે મારી નજરે જોયેલ હતુ પરંતુ આ સાગર બાગલે તથા સોનુ વાઘે એક ઈસમનુ મોત નીપજાવેલ છે તેની મને ખબર નથી. પરંતુ અમોને તા.૨૭/૦૩/૨૦૨૧ ના રોજ આપ સાહેબનાઓ આવતા આ સાહેબનાઓને સાગર બાગલે તથા સોનુ વાઘ જે જગ્યાએ મારા મારી કરતા હતા તે જગ્યા મે બતાવેલ હતી અને ભીમનગર આવાસની પાછળ આવેલ ઝુપડામાથી અર્ધ બળેલ સળગેલ લાશ દાંટેલ બહાર કાઢેલ છે અને અમોનો લોકો મારફતે જાણ મળેલ કે આ ડીંડોલી વિસ્તારનો રહેવાસી હતો ખરેખર આ બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ આશરે નવેક વાગ્યાના આસપાસ ભીમનગર આવાસની પાછળ રેલવે ટ્રેકની બાજુમા આવેલ ઝુંપડાની પાસે બનેલ હોવાનુ જે મારી નજરે જોયેલ છે." સાહેદ પલ્લવીબેન સાગર બાગલેનાઓએ તેઓ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ કે " ગુમ થનાર અજય મોરેનાઓ બે વર્ષ પહેલા મારા મિત્ર કરણ સાથે વાતચીત કરતી હતી તે વખતે કરણનો મિત્ર અજય મને તથા કરણને સાથે વાતચીત કરતા જોઈ ગયેલ ત્યારપછી અજય મારા મોબાઈલ નંબર ઉપર વોટ્સ એપ મેસેજથી વાતચીત  કરવા લાગેલ ત્યારે અજયે મને મરવા માટેનુ કહેલ ત્યારબાદ અજય મારા ઘર પાસે બાઈક લઈને આવેલ ત્યારપછી હુ તથા અજય ડુમ્મસ ખાતે ગયેલ અને અજયે મને પ્રપોઝ કરતા મે હા પાડેલ. ત્યારબાદ આશરે આઠેક મહિના બાદ મે મારા પિતાને મારા અને અજય બંને વચ્ચેના પ્રેમસબંધની જાણ કરેલ અને અમો લગ્ન કરવા માંગીએ છીએ તેમ જણાવતા મારા માતા પિતા એ અજય બીજી જ્ઞાતિનો છે તેથી અજય અને તારા લગ્ન શક્ય નથી તેમ જણાવેલ ત્યારબાદ મે અજયના મોબાઈલ ફોન ઉપર ફોન કરીને અજયને મે મારા પિતાને આપણા બંનેના પ્રેમ સબંધની જાણ કરેલ તેમજ લગ્ન માટે વાતકરતા મને અજય સાથે લગ્ન કરવાની ના પાડેલ હતી તેમ અજયને જણાવેલ જેથી આપણે વાતચીત નહી કરીએ ત્યારબાદ અજય મને રસ્તામા જોઈ જતો હતો ત્યારે મને

રસ્તામા ઉભી રાખતો હતો અને મને કહેતો કે લગ્ન કરવાની તુ કેમ ના પાડે છે તારે મારી સાથે લગ્ન કરવા પડશે તેમ કહી લગ્ન માટે અજય અવાર નવાર હેરાન પરેશાન તેમજ દબાણ કરતો હતો તેમજ રસ્તામા મને મારતો હતો ત્યારબાદ ૨૦૨૦ મા નવરાત્રીના તહેવાર દરમ્યાન સાગરના માતા પિતા અમારા ઘરે લગ્નની વાત લઈને આવેલ હતા અને ત્યારબાદ મારા અને સાગરની લગ્નની વાતચીત નક્કી થયેલ અને તા.૧૨/૦૧/૨૦૨૧ ના રોજ અમારા સમાજના રીતરીવાજ મુજબ ડીંડોલી ખાતે દેવદર્શન એપાર્ટમેન્ટમા થયેલ હતા અને હુ સાગર બાગલે સાથે તેના ઘરે રહેતી હતી અને આશરે એકાદ મહીનો ત્યા રોકાયેલ અને ત્યારબાદ સાગરના ભીમનગર આવાસ ખાતે ઘર નં. ૧૯ ખાતેનુ મકાન લતાબેનના નામનુ હોય અને તેઓ અમારા વતન બામણે, મહારાષ્ટ્ર ખાતે ગયેલ હોય જેથી અમો ભીમનગર ખાતે ગયેલ અને વીસેક દિવસ બાદ મારી તબીયત ખરાબ થતા મે મારી માતાને ફોન કરીને જણાવતા મારી મા મને લેવા માટે આવતા મને તથા મારી મમ્મીને સાગર બાઈક પર બેસાડી મારા માતા પિતાના ઘરે મુકી ગયેલ તે વખતે મે સાગરને જણાવેલ કે મારી તબીયત સારી ન થાય ત્યા સુધી મારી મમ્મીના ઘરે રહેવાની છુટ તેમ જણાવતા સાગરે મને જણાવેલ કે હુ પણ બે-એક દિવસમા ગામ જવાનો છુ અને પંદરેક દિવસ રોકાઈ પરત આવીશ તેમ કહી તે જતો રહેલ, ત્યારબાદ મે સાગરના મોબાઈલ ફોન ઉપર અવાર નવાર ફોન કરેલ પરંતુ સાગરનો ફોન સ્વીચ ઓફ આવતો હોય જેથી મારે અને સાગર સાથે કોઈ વાતચીત થયેલ નથી અને અજય પણ ગુમ થઈ ગયેલ છે તેવી હકીકત ડીંડોલી પોલીસના માણસોઓએ જણાવેલ ત્યારે જાણવા મળેલ, ત્યારપછી તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ હુ મારા માતા પિતાના ઘરે હાજર હતી તે વખતે મારા પિતાજીના મોબાઈલ ફોન ઉપર રેલવે પો.સ્ટે.માથી ફોન આવેલ અને જણાવેલ કે સાગર બાગલે અને સોનુ વાઘનાઓએ સાથે મળી અજય મોરેને મારી અને સળગાવી દઈ લાશને ભીમનગર આવાસ પાસે આવેલ

રેલવેના ખાલી ઝુંપડામા દાંટી દીધેલ છે જેથી સાગર અને સોનુ વાઘને પુછપરછ કરવા માટે અહી પકડી લાવેલ છે તેમ જણાવતા હુ તથા મારી મમ્મી તથા મારા માસીનાઓ સાથે રેલવે પો.સ્ટે.મા આવેલ ત્યારે અમોને સાચી હકીકત જાણવા મળેલ કે હુ બજારમા જે બહાર જતી તે વખતે મારી પાછળ પાછળ આવી મને જણાવતો કે ફોટા તથા વીડીયો વાઈરલ કરીશ તેમ કરી હેરાન કરતો હતો તે બાબતે મે મારા પતિ સાગરને જણાવેલ હતી, જેના લીધે અજયને સાગર તથા તેના મિત્ર સોનુ વાઘનાઓ સાથે મળી અજયને ચપ્પુ તથા પથ્થર વડે મારી નાંખી લાશને ખાલી ઝુંપડામા દાંટી દીધેલ હશે તેવુ મારુ માનવુ છે." આરોપી લાજપોર જેલ, સુરતથી વીડીયો કોન્ફરન્શથી હાજર હોય તેમાં હાજર ઈસમ આરોપી સાગર બાગલે છે તે વી.સી.રૂમથી હાજર આરોપીને પુછતા આરોપીએ પોતાનુ નામ સાગર અનિલ બાગલે હોવાનુ જણાવેલ.

સદર સાહેદની ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ તેઓની રુબરુની છે, ફરીયાદ બનાવ બન્યા બાદ પાંચ દિવસના વિલંબથી આપવામા આવેલ હતી, ફરીયાદમા વિલંબનુ કારણ જણાવેલ નથી, તેઓની તપાસ દરમ્યાન તેઓએ કોઈ સીસીટીવી ફુટેજ કબજે કરેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓના સાથી પી.આઇ.એ કબજે કરેલ હતા, બનાવવાળી જગ્યા રેલવે પાટાની નજીક આવેલ છે, આ તબક્કે સાહદે સ્વેચ્છાએ જણાવે છે કે, વિલંબ બાબતે મરણજનાર ગુમ થયા બાદ તેઓની રુબરુ ફરીયાદ હકીકત જાહેર થયા બાદ કોઈ વિલંબ થયેલ નથી, તેઓએ રેલવે પો.સ્ટે.મા અઢી વર્ષ જેવી ફરજ બજાવેલ છે, ઘણી વખત રેલવે અકસ્માતમા ઘણાલોકોની મુત્યુ થતી હોય છે તે બાબતની તપાસ તેઓએ કરેલ છે, બનાવાવાળી જગ્યા અવાવરુ છે, મરણજનાર અને આરોપી વચ્ચે અગાઉ ઝઘડો થયેલ હોય તેવુ તેઓની તપાસમા ખુલેલ નથી, બનાવ સમયે કોવિડ–૧૯ હતુ અને કરફ્યુની પરિસ્થિતિ હતી અને લોકોને બહાર નીકળવા પર પ્રતિબંધ

હતો, કમીશ્નર શ્રીના જાહેરનામા મુજબ ઠેર ઠેર ચેકીંગ થઈ રહેલ હતુ, તે સમયગાળા દરમ્યાન આરોપી અને મરણજનાર સાથે ફરતા હોય અને તેમની અટકાયત કરવામા આવેલ હોય તેવુ બનેલ નથી, લાશ પ્રથમવાર બિન–વારસી હાલતમા મળી આવેલ હતી, આરોપી નંદુબાર મુકામેથી મળી આવેલ હતો, આરોપીનુ નંદુબાર મુકામે અટકપંચનામુ કે શરીરસ્થિતિનુ પંચનામુ થયેલ હોય તેવુ બનેલ નથી. તેઓને હાલ યાદ નથી કે વીડીયોગ્રાફી કે ફોટોગ્રાફી તપાસના કામમા સામેલ છે કે કેમ. તેઓ સ્વીકારે છે કે તેઓની તપાસ દરમ્યાન જે મોપેડ ગાડી કબજે કરેલ તેના ઉપર લોહીના ડાઘા મળી આવેલ નથી, તેઓની તપાસ દરમ્યાન આરોપીના ફિંગર પ્રિન્ટ મેળવેલ નથી. તેઓને આંક–૮૦ બતાવતા તે જોઈને જણાવે કે, કેમેરાનો રીઝોલ્યુશન પુઅર હોવાનો રિપોર્ટ છે, તેઓની તપાસ દરમ્યાન કોઈ માસ્ક કબજે કરેલ નથી.

## <u>–: નિર્ણયનાં કારણો :–</u>

## <u>–: ફરીયાદપક્ષનાં પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>

(૩૧) ફોજદારી કાર્યપ્રણાલીનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ ની જોગવાઇ ધ્યાને લેતાં ફરીયાદપક્ષ ઉપર તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી રહેલી છે. ફરીયાદપક્ષ ધ્વારા પોતાનો કેસ પુરવાર કરવામાં સામાપક્ષની નબળાઇનો કોઇ લાભ લેવાનો હોતો નથી, પરંતુ પોતે રજુ કરેલ પુરાવાથી આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે. જેટલા ગંભીર ગુનાનાં આક્ષેપ તેટલી જ ઉંચી ગુણવત્તાનાં પુરાવાની અપેક્ષા ફરીયાદપક્ષ ઉપર હોય છે. ફરીયાદપક્ષ ઉપર આરોપીનો ઈરાદો પ્રથમથી જ ગુનો કરવાનો હતો તેવી હકીકત નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી છે. જયારે ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડે ત્યારે તેનો

સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ફોજદારી ન્યાયનાં પુરાવનાં મૂલ્યાંકનનાં સંદર્ભમાં નામદાર સુપ્રીમ કોર્ટનો ***"Bhagwan Jagannath Markad** & **Ors. Vs. State of Maharashtra",*** *"2016 (10)* ***SCC*** *537"* ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદાને વંચાણે લેવો જરૂરી છે. જે નીચે મુજબ છે.

> *18. It is accepted principle of criminal jurisprudence that the burden of proof is always on the prosecution and the accused is presumed to be innocent unless proved guilty. The prosecution has to prove its case beyond reasonable doubt and the accused is entitled to the benefit of the reasonable doubt. The reasonable doubt is one which occurs to a prudent and reasonable man. Section 3 of the Evidence Act refers to two conditions – (i) when a person feels absolutely certain of a fact – "believe it to exist" and (ii) when he is not absolutely certain and thinks it so extremely probable that a prudent man would, under the circumstances, act on the assumption of its existence. The doubt which the law contemplates is not of a confused mind but of prudent man who is assumed to possess the capacity to "separate the chaff from the grain". The degree of proof need not reach certainty but must carry a high degree of probability.* ***Vijayee Singh V. State of U.P. (1990) 3 SCC 190, Paras- 18, 28-30.***
>
> *19. While appreciating the evidence of a witness, the court has to assess whether read as a whole, it is truthful. In doing so, the court has to keep in mind the deficiencies, drawbacks and infirmities to find out whether such discrepancies shake the truthfulness. Some discrepancies not touching the core of the case are not enough to reject the evidence as a whole. No true witness can escape from giving some discrepant details. Only when discrepancies are so incompatible as to affect the credibility of the version of a witness, the court may reject the evidence. Section 155 of the Evidence Act enables the doubt to impeach the credibility of the witness by proof of former inconsistent statement. Section 145 of the Evidence Act lays down the procedure for contradicting a witness by drawing his attention to the part of the previous statement*

*which is to be used for contradiction. The former statement should have the effect of discrediting the present statement but merely because the latter statement is at variance to the former to some extent, it is not enough to be treated as a contradiction. It is not every discrepancy which affects creditworthiness and trustworthiness of a witness. There may at times be exaggeration or embellishment not affecting credibility. The court has to sift the chaff from the grain and find out the truth. A statement may be partly rejected or partly accepted. Want of independent witnesses or unusual behavior of witnesses of a crime is not enough to reject evidence. A witness being a close relative is not enough to reject his testimony if it is otherwise credible. A relation may not conceal the actual culprit. The evidence may be closely scrutinized to assess whether an innocent person is falsely implicated. Mechanical rejection of evidence even of a 'partisan' or 'interested' witness may lead to failure of justice. It is well known that principle "falsus in uno, falsus in omnibus" has no general acceptability. On the same evidence, some accused persons may be acquitted while others may be convicted, depending upon the nature of the offence. The court can differentiate the accused who is acquitted from those who are convicted. A witness may be untruthful in some aspects but the other part of the evidence may be worthy of acceptance. Discrepancies may arise due to error of observations, loss of memory due to lapse of time, mental disposition such as shock at the time of occurrence and as such the normal discrepancy does not affect the credibility of a witness.*

*20. Exaggerated to the rule of benefit of doubt can result in miscarriage of justice. Letting the guilty escape is not doing justice. A Judge presides over the trial not only to ensure that no innocent is punished but also to see that guilty does not escape.*

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતાં, વિસંગતતા માટેનાં ઘણાં કારણો હોય શકે છે જેમ કે, સમયની સાથે યાદ શકિતમાં ઘટાડો, બનાવને નિહાળવાની શકિતમાં તફાવત, માનસિક તણાવ, બનાવ સમયે લાગેલ આઘાત પણ વિસંગતતા

માટેનાં કારણો હોય શકે છે. વધુમાં જયારે અન્ય પુરાવો વિશ્વસનીય હોય ત્યારે થોડી માત્રામાં પુરાવામાં આવેલ વિસંગતતાનો લાભ આરોપીને મળી શકે નહીં. વધુમાં પુરાવાનું મુલ્યાંન કરતાં સમયે નિર્દોષ દંડાય નહીં અને દોષિત છુટી ન જાય તેનું પુરતું ધ્યાન રાખવું જરૂરી છે. જેથી પુરાવાનું મુલ્યાંકન સમગ્ર બનાવની હકીકત અને રેકર્ડ ઉપર આવેલ હકીકતોને ધ્યાને લઈ કરવું જરૂરી છે. વધુમાં જયાં સુધી આરોપી ગુનેગાર પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તવું અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદપક્ષ ધ્વારા તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી રહેલ છે. વધુમાં જો પુરાવામાં કોઈપણ શંકા ઉત્પન્ન થાય તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં પુરાવાની સંખ્યા કરતાં પુરાવાની ગુણવત્તા ઉપર વધુ આધાર હોય છે. વધુમાં જેટલો ગંભીર ગુનો તેટલા જ સચોટ અને વિશ્વસનિય પુરાવાની અપેક્ષા ફરીયાદપક્ષ પાસેથી રાખવામાં આવતી હોય છે. જો ફરીયાદપક્ષનો પુરાવો વિશ્વસનીય ન હોય તો તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપી ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**–:: મુદ્દા નં.૧ ::–**

**–:: સાપરાધ મનુષ્યવધ અંગે ચર્ચા ::–**

(૩૨) સદર કામે આરોપીઓ ઉપર મરણ જનારનું ખૂન કરવાનો આક્ષેપ મૂકવામાં આવેલ છે. આરોપીઓ ધ્વારા એવો બચાવ લીધેલ છે કે મરણ જનારનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ નથી પરંતુ આત્મહત્યા છે. આ તબકકે પુરાવાની ચર્ચા કરતાં પહેલા ઈ.પી.કો. કલમ–૨૯૯ માં કરવામાં આવેલ ''સાપરાધ મનુષ્યવધ'' તથા કલમ–૩૦૦ માં કરવામાં આવેલ ''ખુન'' ની જોગવાઈઓ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

- ***Section - 299 : Culpable homicide.***

*Whoever causes death by doing an act with the intention of causing death, or with the intention of causing such bodily*

*injury as is likely to cause death, or with the knowledge that he is likely by such act to cause death, commits the offence of culpable homicide.*

***Explanation 1.***—*A person who causes bodily injury to another who is labouring under a disorder, disease or bodily infirmity, and thereby accelerates the death of that other, shall be deemed to have caused his death.*

***Explanation 2.***—*Where death is caused by bodily injury, the person who causes such bodily injury shall be deemed to have caused the death, although by resorting to proper remedies and skilful treatment the death might have been prevented.*

***Explanation 3.***—*The causing of the death of a child in the mother's womb is not homicide. But it may amount to culpable homicide to cause the death of a living child, if any part of that child has been brought forth, though the child may not have breathed or been completely born.*

- ***Section - 300 : Murder.***

*Except in the cases hereinafter excepted, culpable homicide is murder, if the act by which the death is caused is done with the intention of causing death, or—*

*2ndly.—If it is done with the intention of causing such bodily injury as the offender knows to be likely to cause the death of the person to whom the harm is caused, or—*

*3rdly.—If it is done with the intention of causing bodily injury to any person and the bodily injury intended to be inflicted is sufficient in the ordinary course of nature to cause death, or—*

*4thly.—If the person committing the act knows that it is so imminently dangerous that it must, in all probability, cause death, or such bodily injury as is likely to cause death, and commits such act without any excuse for incurring the risk of causing death or such injury as aforesaid.*

સાપરાધ મનુષ્યવધ તે ખુન છે કે કેમ ? તે નકકી કરવા માટે ઈ.પી.કો. કલમ–૨૯૯ અને કલમ–૩૦૦ ને એક સાથે વંચાણે લેવી જરૂરી છે. ઉપરોકત વંચાણે લીધેલ કલમોની જોગવાઈઓમાં મહત્વનાં તત્વોમાં (૧) આરોપીએ કોઇ કૃત્ય કર્યુ અથવા કાર્યલોપ આચર્યો, (૨) જે કારણે ભોગ બનનારનું મૃત્યુ થયું, (૩) આરોપીએ

આવું કૃત્ય – મૃત્યુ નિપજાવવાનાં ઈરાદાથી કર્યુ અથવા તેથી મૃત્યુ નિપજાવવાનો સંભવ હોય તેવી શારીરિક ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી કર્યુ અથવા પોતાનાં તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કર્યુ હોવું જરૂરી છે. આમ, સદર તત્વોમાં મહત્વની બાબતો આરોપીએ કરેલ ઈજા અને કૃત્ય ખૂન કરવાનાં ઈરાદા અથવા પૂરતી જાણકારી અથવા જ્ઞાન સાથે કરેલ હોવું જરૂરી છે. સદર કેસમાં પુરાવાઓનું મૂલ્યાંકન કરતા પહેલા એ બાબત પુરવાર થવી જરૂરી છે કે, મરણ જનારનું મૃત્યુ કુદરતી છે કે અકસ્માતથી થયેલ કે આત્મહત્યાથી થયેલ છે કે અકુદરતી છે અને તે મૃત્યુ ઈ.પી.કો. કલમ–૨૯૯ મુજબ સાપરાધ મનુષ્ય વધ તરીકે જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તેમાં આવે છે કે કેમ.

(૩૩) સદર કામે સાપરાધ મનુષ્યવધ સંદર્ભે ચર્ચા કરવામાં આવે તો, ફરિયાદપક્ષે આંક–૧૦ થી ડો. દિપક મહેશકુમાર સીંઘલને તપાસેલ છે. તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે, મરણજનાર અજયભાઈ દગડુભાઈ મોરેની લાશનું તેઓએ શબ પરિક્ષણ કરેલ જે શબમાં દાઝેલાનાં નિશાન હતા અને સડી જવાની પ્રક્રિયા ચાલુ થઈ ગયેલ હતી. વધુમાં બાહ્ય ઈજામાં એક ભોંકાયેલો ઘા છાતીનાં સામેનાં ડાબી બાજુ પર ૧ x ૦.૫ સેમીનો છાતીની પોલાણની ઉંડાણ સુધીનો ત્રાંસો, શરીરનાં મધ્યરેખા ૧ સેમી ડાબા અને મેલ્યુમેલમ અને સ્ટર્મન બોડીનાં જોઈન્ટથી ૬ સેમી નીચે હતો. આ ઉપરાંત ૨૮ સેમી લંબાઈનાં ડાબ પગ જેમાં ઘુંટણ ફીમર હાડકાનાં નીચેનાં ભાગ પરનો અંદરનો ભાગ તેમજ શરીર પરના બીજા હાડકના બહારના દેખાતા હતા અને દાઝી ગયેલા હતા. આ બધા દાઝેલા ઘા મૃત્યુ પછીનાં હતા. ઉપરોક્ત ઈજામાં ઈજા નં.૧ ને છોડીને અન્ય ઈજાઓ મૃત્યુ પછીની હતી. વધુમાં માથાનાં જમણી સાઈડનો ટેમ્પોરેલો ભાગ પર ૭ x ૫ સેમી નો આડો દબાયેલો ફ્રેક્ચર હતો તેમજ મગજ સડવાની પ્રક્રિયા પણ ચાલુ હતી. તેઓએ એફ.એસ.એલ. માં

મોકલવા માટે નમૂનાઓ લીધેલ હતા. તેમના અભિપ્રાય મુજબ માથા પર અને માથાનાં હાડકાની ફ્રેક્ચર અને છાતીમાં ચપ્પુનો ભોંકાયેલો ઘા મૃત્યુ પહેલાનો હતો અને મૃત્યુ સમયે પી.એમ. શરૂ કર્યાનાં એક અઠવાડિયા પહેલાનો હતો અને મૃત્યુનું કારણ માથાની ઈજા અને છાતી પર ચપ્પુનાં ઘા ને લીધે હેમરેજ થઈ જવાથી આઘાતને લીધે થયેલ. આમ, સદર કામે મરણજનારનું મૃત્યુનું કારણ ધ્યાને લેવામાં આવે તો મરણજનારને થયેલ તમામ ઈજાઓ કુદરતનાં સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પર્યાપ્ત હોવાનુ ફલિત થાય છે અને ઈ. પી. કોડની કલમ-૨૯૯ માં જણાવેલ વ્યાખ્યા અનુસાર સાપરાધ મનુષ્યવધ હોવાનું ફરિયાદપક્ષ દ્વારા નિ:શંકપણે પુરવાર કરેલ છે. જેથી **મુદ્દા નં.૧** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**-:: <u>મુદ્દા નં.૨ અને ૩</u> ::-**

**<u>// ખૂનનાં તથા પુરાવાનો નાશ કરવાનાં આક્ષેપો સંબંધે</u>**

**<u>પુરાવાઓનું મુલ્યાંકન //</u>**

(૩૪) સદર કામે ફરિયાદપક્ષે આંક-૫૧ થી ફરિયાદ વૈભવ ડગડુભાઈ મોરેને તપાસેલ છે. જેઓનો પુરાવો વંચાણે લેવામાં આવે તો કર્ણોકથિત પુરાવો હોવાનુ ફલિત થાય છે. તદ્ઉપરાંત સાહેદ નં.૧૯ મરણજનારના ભાઈ થતા હોય તેઓએ હાલનાં બનાવની આંક-૨૦ વાળી ફરિયાદ આપેલ તેમજ મરણજનારની લાશ પણ ઓળખી બતાવેલ છે. વધુમાં સાહેદ નં.૧૯ નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓના ભાઈની તપાસમાં ભીમનગર આવસમાં પુછતાછ કરેલી ત્યાં તેઓને સીસીટીવી કેમેરામાં કુટેજ જોવા મલેલ જેમાં તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ રાત્રીના ૮.૫૨ ના સીસીટીવી કુટેજ જોયેલ જેમાં તેમના ભાઈની હાજરી જણાયેલ અને બે વ્યક્તિ સાથે બાઈક પર બેઠેલ હતો. સદર કામે બચાવપક્ષે કરેલ ઊલટતપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓએ એ હકીકત કબૂલ રાખેલ છે કે

સીસીટીવી કુટેજ પોલીસે કબજે કરેલ નથી, પરંતુ તેઓએ આપેલ હતી. તેઓએ તેમના મોબાઈલમાંથી સીસીટીવી કુટેજ પોલીસને આપેલ અને આવા કુટેજ આપતી વખતે કોઈ પ્રમાણપત્ર આપેલ નથી કે પોલીસે કોઈ પ્રમાણપત્ર માંગેલ નથી.

(૩૫) સદર કામે ફરિયાદપક્ષે સાહેદ નં.૧૭ યાસીન યાકુબ પટેલને આંક-૪૭ તથા સાહેદ નં.૧૮ રાજેશ કલ્યાણસિંહ પરમારને આંક-૫૦ થી તપાસેલ છે, તેઓ આંક-૪૮ ના સીસીટીવી કુટેજ કબજે કર્યાનાં પંચસાહેદો છે. તેઓ દ્વારા માર્ક-ઈ વાળી પેનડ્રાઈવ અને તેમાંથી નિકળેલ ફોટા સાથે રાખેલ પંચસ્લીપમાં સહીઓ ઓળખી બતાવેલ છે તે સિવાય તેઓની હાજરીમાં કોઈ સીસીટવી કુટેજની પેનડ્રાઈવ કબ્જે લીધેલ હોય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી. આ ઉપરાંત સીસીટીવી કુટેજની પેનડ્રાઈવ કઈ જગ્યા પરથી મેળવવામાં આવેલ તે અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરિયાદીનાં જણાવ્યા મુજબ જો તેઓએ સીસીટીવી કુટેજ પોલીસને આપેલ હોય તો તે અંગેનું કોઈ પ્રમાણપત્ર નથી. આ સંજોગોમાં સીસીટીવી કુટેજ પર આધાર રાખી શકાય તેમ નથી. વધુમાં સીસીટીવી કુટેજનાં સંદર્ભમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૨૭ બળવંતભાઈ રણછોડભાઈ ડાંગી (તપાસ કરનાર અધિકારી)ને આંક-૭૧ થી તપાસેલ છે, તેઓના જણાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાની આજુબાજુ સીસીટીવી કેમેરાની પેનડ્રાઈવ તેઓને મળતા તપાસ અર્થે મોકલવામાં આવેલ, પરંતુ આ પેનડ્રાઈવ કોની પાસેથી કબજે લીધેલ તે અંગે કોઈ હકીકત જણાવવામાં આવેલ નથી. વધુમાં સીસીટીવી કુટેજની પેનડ્રાઈવ આપનાર પાસેથી કોઈ પ્રમાણપત્ર મેળવવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં પેનડ્રાઈવ કેવી રીતે અને કોની પાસેથી મેળવવામાં આવેલ તે અંગેનો કોઈ સંતોષકારક અને સચોટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ ઉપરાંત પેનડ્રાઈવ એફ.એસ.એલ., ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ જ્યાં

એફ.એસ.એલ. દ્ધારા સીડી બનાવેલ તે સંદર્ભે એફ.એસ.એલ. નો આંક–૮૦ વાળો રીપોર્ટ વંચાણે લેવામાં આવે તો કેમેરાનું રીઝલ્ટ ખરાબ હોવાનું અને જે માણસો હતા તેમણે માસ્ક પહેરેલ હતુ અને જે વ્યક્તિ ડ્રાઈવર હતા તેનુ મોઢું કેમેરા બાજુ ન હોવાનુ જણાવેલ, આ ઉપરાંત પેનડ્રાઈવમાં લીધેલ ફોટા ઝુમ કરીને જોતા ચોખ્ખા(કલીયર) જોઈ શકાય તેમ ન હતા, તે અંગેનો અભિપ્રાય આપેલ હતો. આમ, એફ.એસ.એલ. નાં અભિપ્રાય મુજબ પણ પેનડ્રાઈવ ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

(૩૬) ફરિયાદપક્ષે તપાસેલ બનાવ નજરે જોનાર સાહેદ નં.૨૩ રાકેશભાઈ રમેશભાઈ વાઘની આંક–૬૭, સાહેદ નં.૨૪ આકાશભાઈ મોહનભાઈ બાવીસ્કરની આંક–૬૮, સાહેદ નં.૨૫ ઉષાબેન ભીમા પવારની આંક–૬૯ ની જુબાનીઓ ધ્યાને લેવામાં આવે તો, તેઓ દ્ધારા બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તદ્ઉપરાંત આ તમામ સાહેદો સ્વતંત્ર સાહેદ છે, પરંતુ તેઓ દ્ધારા બનાવ નજરે જોયેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. સદર સાહેદોને વિમુખ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્ધારા લંબાણપૂર્વક ઊલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષ બનાવ નજરે જોનાર સાહેદોનાં પુરાવા ઉપરથી પણ આરોપી વિરૂધ્ધનાં તહોતમનામાં ફરમાવેલ આક્ષેપો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૩૭) ફરિયાદપક્ષનાં આક્ષેપો મુજબ મરણજનારને આરોપીની પત્ની પલ્લવીબેન સાથે અનૈતિક સંબંધો હતા. આ સંબંધે ફરિયાદપક્ષે સાહેદ નં.૨૬ પલ્લવીબેન સાગર બાગલેને આંક–૭૦ થી તપાસેલ છે. તેઓ દ્ધારા એવી હકીકત જણાવેલ છે કે, તેઓ મરણજનાર અજયને ઓળખતી નથી તેમજ અજયને કોણે મારેલ તેની પણ તેમને ખબર નથી. આરોપી તેમના પતિ થાય છે. વધુમાં સદર

સાહેદને વિમુખ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા લંબાણપૂર્વક ઊલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તદ્ઉપરાંત બનાવ બનવા માટેનું જે કારણ ફરિયાદપક્ષે જણાવેલ છે તેવુ કોઈ જ કારણ પુરવાર થયેલ નથી.

(૩૮) ફરિયાદપક્ષે આંક–૧૫ નાં મરણજનારની લાશ બહાર કાઢવા અંગેનાં પંચનામાનાં પંચ સાહેદો સાહેદ નં.ર ગણેશ સુરેશભાઈ પાટીલને આંક–૧૪ થી તથા સાહેદ નં.૩ રાજેન્દ્ર યુવરાજ પાટીલને આંક–૧૬ થી તપાસેલ છે તેઓએ આંક–૧૫ નાં પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર પંચસાહેદોને વિમુખ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા લંબાણપૂર્વક ઊલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૮ નાં ગુનાવાળી જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદ નં.૪ બાપુ દયારામ પાટીલને આંક–૧૭ તથા પંચ સાહેદ નં.પ રાજેશભાઈ રામનરેશભાઈ કોળીને આંક–૨૫ થી તપાસેલ છે, તેઓ દ્વારા પણ આંક–૧૮ નાં પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર બંને પંચસાહેદોને વિમુખ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા લંબાણપૂર્વક ઊલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૨૭ નાં વિસેરા કબ્જે લીધા અંગેનાં પંચનામા સંદર્ભે પંચ સાહેદ નં.૬ રાજેન્દ્રભાઈ પ્રવિણભાઈ આહીરને આંક–૨૬ થી તપાસેલ છે, તેઓએ પણ આંક–૨૭ નાં લાશ પરથી લીધેલ વિસેરાનાં પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. સદર પંચ સાહેદને વિમુખ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા લંબાણપૂર્વક ઊલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૯) વધુમાં ફરિયાદપક્ષે આંક–૩૦ નાં આરોપીનાં શરીરસ્થિતિનાં પંચનામા તથા આંક–૩૧ નાં આરોપીનાં બ્લડ સેમ્પલ કબજે કર્યાનાં પંચનામાનાં પંચ સાહેદો સાહેદ નં.૭ નરેન્દ્ર રામભાઉ જોષીને આંક–૨૯ થી તથા સાહેદ નં.૮ આનંદ કનૈયાલાલ મૌર્યને આંક–૩૨ થી તપાસેલ છે. તેઓએ આંક–૩૦ અને આંક–૩૧ નાં પંચનામાને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર બંને પંચ સાહેદોને વિમુખ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા લંબાણપૂર્વક ઊલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૪૦) વધુમાં ફરિયાદપક્ષે આંક–૩૪ આરોપીનાં અટક પંચનામા સંદર્ભે પંચ સાહેદ નં.૯ અતુલભાઈ ઠાકોરભાઈ પટેલને આંક–૩૩ તથા પંચ સાહેદ નં.૧૦ મુસરફઅલી અબ્દુલરસીદ મન્સુરીને આંક–૩૫ થી તપાસેલ છે. સદર બંને પંચ સાહેદોએ આંક–૩૪ નાં આરોપીનાં અટક પંચનામાને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર બંને પંચ સાહેદોને વિમુખ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા લંબાણપૂર્વક ઊલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૩૮ મરણજનારનાં પિતાનાં બ્લડ સેમ્પલ કબજે કર્યાનાં પંચનામા સંદર્ભે પંચ સાહેદ નં.૧૧ વિનોદકુમાર ચેગેનારાયણ મિશ્રાને આંક–૩૭ તથા પંચ સાહેદ નં.૧૨ જીતેન્દ્ર કૌશલકિશોર રાજપુતને આંક–૩૯ થી તપાસેલ છે. સદર બંને પંચ સાહેદોએ આંક–૩૮ નાં મરણજનારનાં પિતાનાં બ્લડ સેમ્પલ કબજે કર્યાનાં પંચનામાને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર બંને પંચ સાહેદોને વિમુખ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા લંબાણપૂર્વક ઊલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૪૧ રીકંન્ટ્રકશન પંચનામા સંદર્ભે પંચ સાહેદ

નં.૧૩ જાવેદ ખ્વાજા શેખને આંક–૪૦ તથા પંચ સાહેદ નં.૧૪ રાજપાલ ધન્નાલાલ ગૌડને આંક–૪૩ થી તપાસેલ છે. સદર બંને પંચ સાહેદોએ આંક–૪૧ નાં રીકન્ટ્રકશન પંચનામાને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર બંને પંચ સાહેદોને વિમુખ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા લંબાણપૂર્વક ઊલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૪૫ નાં આરોપીનાં ઘરની ઝડતી પંચનામા સંદર્ભે પંચ સાહેદ નં.૧૫ અરમાન યાકુબ મન્સુરીને આંક–૪૪ તથા પંચ સાહેદ નં.૧૬ સાકીરઅલી ઉસ્માનઅલીને આંક–૪૬ થી તપાસેલ છે. સદર બંને પંચ સાહેદોએ આંક–૩૪ નાં આરોપીનાં ઘરની ઝડતી પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. સદર બંને પંચ સાહેદોને વિમુખ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા લંબાણપૂર્વક ઊલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, સદર કામે પંચ સાહેદો દ્વારા પણ ફરિયાદપક્ષનાં કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી કે પંચનામાની હકીકતોને ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૪૧) વધુમાં સદર કામનાં આરોપી ઉપર પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરનાં હથિયારબંધીનાં જાહેરનામાનો ભંગ કરેલ હોવાનાં પક્ષ આક્ષેપો કરવામાં આવેલ છે. જે હથિયારબંધીનાં જાહેરનામાની ઝેરોક્ષ આંક–૭૭ થી રજુ કરવામાં આવેલ છે. પરંતુ સદર જાહેરનામુ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે કોઈપણ સાહેદને તપાસેલ નથી. વધુમાં જાહેરનામાની અસલ પરથી કરેલ ખરી નકલ પણ રજુ કરેલ નથી. વધુમાં સદર હથિયારબંધીનું જાહેરનામુ બનાવવાળી જગ્યાએ અને સમયે સામાન્ય નાગરીકનાં ધ્યાન પર આવે તે રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તેવી પણ લેશમાત્ર હકીકત ફરીયાદપક્ષ પુરવાર

કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષ ધ્વારા આરોપી સામેનો જી. પી. એકટની કલમ–૧૩૫ હેઠળનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ નથી.

(૪૨) આમ, ફરયાદપક્ષ તરફે રજૂ થયેલ તમામ પુરાવાઓનું એકસાથે મુલ્યાંકન કવરામાં આવે તો, આ કામનાં આરોપીની પત્ની સાથે મરણજનારને કોઈ અનૈતિક સંબંધ હોય તેવી હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. તદ્ઉપરાંત આ કામનાં આરોપીએ કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોર સાથે મળી મરણજનારને ચપ્પુ વડે અને માથામાં પથ્થર મારી ઈજા પહોંચાડી ઈરાદાપૂર્વક ખૂન કરેલ અને ત્યારબાદ પુરાવાનો નાશ કરવાનાં હેતુથી મરણજનારની લાશને સળગાવી ખાલી ઝુપડીમાં દાટી દીધેલ હોય તેવી લેશમાત્ર હકીકત ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, સદર કામે બનાવ નજરે જોનાર સાહેદો દ્ધારા પણ ફરિયાદપક્ષનાં કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વધુમાં જ્યારે મહત્વનાં સાહેદોથી ફરિયાદપનાં કેસને સમર્થન મળુત ન હોય ત્યારે માત્ર એફ.એસ.એલ. નાં પુરાવા કે તપાસ કરનાર અધિકારીનાં પુરાવા ઉપર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરીયાદપક્ષ હાલનાં આરોપી વિરૂધ્ધ તહોમતનામાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી આ કામનાં આરોપી વિરધ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય **મુદ્દા નં.૨ અને ૩** નો જવાબ **નકારમાં** આવે છે. **મુદ્દા નં.૪** પરત્વે નીચે મુજબ **આખરી હુકમ** કરવામાં આવે છે.

==============
## ॥ હુકમ ॥
==============

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામનાં **આરોપી સાગર સ/ઓફ અનીલ બાગલે,** ઉ.વ.આ. ૨૨, રહે.

બિલ્ડીંગ નં.૨, રૂમ નં.૨૯, ત્રીજા માળ ઉપર, ભીમનગર આવાસ, ઉધના, સુરત, મુળ વતન– ગામ બામલે, તા.સિંદખેડા, જી. ધુલીયા, મહારાષ્ટ્ર નાંઓને ઈ.પી.કોડની કલમ – ૩૦૨, ૨૦૧, ૧૨૦(બી), ૩૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મોટર સાયકલ અંગે જો વચગાળાનાં તબકકે કોઇ હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વિત્યા બાદ કાયમ કરવામાં આવે છે અને જો કોઇ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ છ માસમાં કલેઇમ કર્યેથી જરૂરી ખરાઇ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે. જો કોઇ કલેઇમ કરવામાં ન આવે તો મોબાઇલની હરાજી કરી તેની ઉપજનાં નાણાં સરકારશ્રીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પેનડ્રાઇવ પુરાવાનો જ એક ભાગ હોય અપીલ સમય બાદ તેને મુદ્દામાલ માંથી કાઢી સદર કેસની ફાઇલ સાથે સામેલ રાખવો જે અંગે જરૂરી નોંધ સંબંધિત રજીસ્ટરમાં કરવી.

(૩) આરોપી કસ્ટડીમાં હોય તેઓને જેલ મુકત કરવા સંબંધિત જેલને યાદી કરવી તેમજ સદર આરોપી અન્ય કોઇ કામમાં કસ્ટડીમાં ન હોય તો તાત્કાલિક જેલ મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીઓએ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઇ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નાં જાત–જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજુ કરવા. આ જામીનખત તથા જાતમુચરકા હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે. વધુમાં આરોપી ધ્વારા જાત–જામીન

પોલીસ અધિક્ષકશ્રી, લાજપોર જેલ, સુરત સમક્ષ રજુ કરવા. આરોપીનાંએ જેલ મુકત થયા બાદ જામીન આ અદાલત સમક્ષ દિન–૭ માં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ક્રિ. પ્રો. કોડની કલમ–૩૬૫ અન્વયે સદર ચુકાદાની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.**૦૪મી** માહે **મે, ૨૦૨૬** નાં ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૪.૦૫.૨૦૨૬.**
**સુરત.**

**(દેવેન્દ્ર સુરેશભાઇ જોષી)**
**૧૦ માં અધિક સેશન્સ જજ, સુરત.**
**UIC No. GJ** 00817